સુવિચાર

ઈશ્વર કે પરમશકિત પાસે માણસે કશું શ્રેષ્ઠ માંગવું હોય તો શુભમતિ અને શુભગતિ માંગવી જોઈએ.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૭/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અષાઢ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૭૩

## ભાજપ હોય કે કોંગ્રેસ કોઈ સરકારને અમરેલીયનોની ચિંતા જ નથી

# અમરેલીને ''૯ સાલ બેમિસાલ''માં પણ રેલ ન મળી

જિલ્લાનું મુખ્ય મથક બ્રોડગેજ રેલ્વેથી આઝાદીનાં અમૃતકાળમાં પણ વંચિત રહેતું હોય વિકાસની ગુલબાંગોનો કોઈ જ મત્તલબ નથી

સર્વાંગી વિકાસ માટે રેલ જેવી પરિવહન સુવિધા અતિ મહત્વની છતાં પણ કોઈને ગંભીરતા નથી

ડો. જીવરાજ મહેતાનાં સ્વપ્નસમી અમરેલી નગરીને અન્યાય કરવામાં તમામ સરકારો સ્પર્ધા કરી રહી છે

નબળી નેતાગીરીનાં કારણે અમરેલી જિલ્લો આઝાદીનાં અમૃતકાળમાં વિકાસનાં ફળ ચાખી શકતો નથી તે કડવું સત્ય છે






અમરેલી, તા. ૫

અમરેલી નગર એ રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીનાં પનોતા પુત્ર ડો. જીવરાજ મહેતાની સ્વપ્ન નગરી છે. તેઓએ તેમનાં જાહેર જીવનનાં કાળમાં અમરેલી શહેર અને જિલ્લા માટે મહત્વનાં અનેક વિકાસકાર્યો બાદમાં તેઓનું નિધન થયા બાદ અમરેલી જિલ્લાને સબળ નેતૃત્વનો અભાવ હંમેશા પરેશાન કરી રહ્યો છે.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં વર્તમાન ભાજપ સરકાર ધ્વારા આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થતાં "અમૃત મહોત્સવ" ઉજવવામાં આવી રહ્યો છે. તેવા સમયે જિલ્લાકક્ષાને અમરેલી શહેરમાં બ્રોડગેજ રેલ્વેની સુવિધા નથી અને સત્તાધારી પક્ષનાં આગેવાનો અમરેલી જિલ્લામાં "૯ સાલ બેમિસાલ"ની ઉજવણી કરતાં હોય ત્યારે તેઓ ભૂલી જાય છે કે અમરેલી માટે "૯ સાલ"માં રેલની સુવિધા તેઓ અપાવી શકયા નથી.


વર્તમાન સમયમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### અસહ્ય બફારા બાદ દે ધનાધન

## અમરેલી ગ્રામ્ય, લાઠી અને લીલીયા પંથકમાં વરસાદ પડયો

### જગતાત ગણાતા ખેડૂતોમાં ખુશીની લહેર




અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામા સતત છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. ત્યારે અમરેલી તાલુકાના ગ્રામ્ય પંથકમા વરસાદ પડયો હતો. અસહ્ય બફારા બાદ શરૂ થયેલ વરસાદ અમરેલી તાલુકાના દેવરાજીયા, સાજીયાવદર, કેરીયાચાડ સહિતના ગામોમાં પડયો હતો.

ભારે વરસાદના કારણે ખેતરોમાં વરસાદી પાણી ભરાયા તો અમરેલી શહેરમાં પણ ઝરમર વરસાદ પડયો હતો. લાઠી શહેરમાં પણ ઘનઘોર વાદળો અને ભારે બફારા બાદ એક ઈંચ વરસાદ ખાબકયો હતો. થોડીવાર પડેલા ઘોધમાર વરસાદ કારણે લાઠી શહેરની ગલીઓમાં પાણી વહેતા થયા હતા તો લીલીયા પંથકમાં આજે પોણો ઈંચ જેટલો વરસાદ પડયો હતો. આ વિસ્તારમાં વરસાદને કારણે ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રવેશ કાર્ય શરૂ છે
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
DMLT માં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેકટ નંબર : ૯૪૨૭૨ ૪૯૨૫૬ ■ ૯૯૨૫૬ ૯૦૦૫૫
જોઈએ છે
(1) કમ્પ્યુટર ઓપરેટર - 0૨
(૨) કલાર્ક - 0૨
(3) લાયબ્રેરીયન - 01
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.

### ચોમાસા અગાઉ જવાબદાર વિભાગ દ્વારા કોઈ તપાસ ન કરાતાં

## હે રામ : વડિયાની સુરવો નદી ઉપરનાં સૌથી મોટા ચેકડેમમાં મસમોટુ ગાબડુ પડી જતાં લાખો લીટર પાણી વહી ગયું

### પૂર્વ સરપંચે ઉચ્ચકક્ષાએ ગાબડુ બુરવા માટે રજૂઆત કરી




અમરેલી, તા. ૫

વડીયાની સુરવો નદી ઉપરના સૌથી મોટા ચેકડેમમાં મસમોટું ગાબડું પડી જતા લાખો લીટર પાણી વહી જતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડિયા અને ચારણીયા ગામ વચ્ચે આવેલા ચેકડેમમાંથી પાણીનો મોટો જથ્થો વેડફાઈ ગયો છે. આ ચેકડેમના પાણીથી અંદાજીત ૫૦૦ હેક્ટર જમીનમાં વાવેતર કરતાં ખેડૂતોને ફાયદો થતો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

અભિનંદન સહ શુભકામના
શ્રી ભગીરથભાઈ ત્રિવેદી
પ્રમુખશ્રી
ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ
શ્રી રાજુભાઈ શિંગાળા
મહામંત્રીશ્રી
ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ
અમારા પરમ સ્નેહી મિત્ર શ્રી ભગીરથભાઈ ત્રિવેદી ની ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તરીકે તેમજ શ્રી રાજુભાઈ શિંગાળા ની મહામંત્રી તરીકે વરણી થતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. સાથો સાથ... તેઓને ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામનાઓ પણ પાઠવીએ છીએ.
: શુભેચ્છક :
શ્રી રાજુભાઈ આર. તેરૈયા - સદસ્ય : તાલુકા પંચાયત, ધારી
શ્રી મુકેશભાઈ આર. તેરૈયા
મહામંત્રી : અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજ
પ્રમુખ : રાજગોર બ્રહ્મણજ્ઞાતિ વિકાસ મંડળ અમરેલી શહેર
ફર્મ : શુભમ્ સીડ્સ કોર્પોરેશન - અમરેલી

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

# અમરેલી ખાતે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેના પરિવારજનોનું સન્માન કરાયું



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર રાજયમાં દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવી રહ્યું છે. માતૃભૂમિ કાજે અનેક વીર વીરાંગના, સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું સમગ્ર જીવનનું બલિદાન રાષ્ટ્રને આઝાદ કરવામાં આપ્યું છે. સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન એ ગૌરવની ક્ષણો છે. ભારત આજે આઝાદીના ૭૫ વર્ષની ભવ્ય ઉજવણી કરી રહ્યું છે. રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર અમરેલી દ્વારા જિલ્લા સેવા સદન, અમરેલી ખાતે સ્વાતંત્ર્ય સેનાનીઓના સન્માનનો કાર્યક્રમ જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જિલ્લાના પાંચ સ્વાતંત્ર્ય સેનાની અને તેમના પરિવારજનોનું શાલ ઓઢાડી સ્મૃતિ ચિન્હ આપીને જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ દ્વારા સન્માનકરવામાં આવ્યુ હતુ. જિલ્લાના સન્માનનીય સ્વાતંત્ર્ય સેનાની ઉમંગરાય છાટબારનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાની અને મૃત્તક સર્વ દ્વારકાદાસ દેસાઈ, વ્રજલાલ શાહ, જશવંતરાય જાની, ગુલામ રસુલભાઈ કાઝીના પરિવારજનોનું સન્માન કરવામાં આવ્યુ અને જિલ્લા વહીવટી તંત્રએ તેમનું સન્માન કરી હર્ષની લાગણી વ્યકત કરી હતી. આ ઉપરાંત રાષ્ટ્ર માટે સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાન બદલ આભાર પણ વ્યકત કર્યો હતો. વર્ષ ૧૯૪૭માં ભારત આઝાદ થયું. આઝાદી બાદ પણ કેટલાક વર્ષો સુધી દીવ–દમણમાં વિદેશી સત્તા શાસન કરતી હતી. સન્માનનીય સ્વાતંત્ર્ય સેનાની ઉમંગરાય છાટબારે દીવ સ્વાતંત્ર્ય લડતને યાદ કરીને સંસ્મરણો તાજા કર્યા હતા. તેમણે સંસ્મરણો વાગોળતા જણાવ્યુ હતુ કે, અમે ૩૫૦ જેટલા સ્વાતંત્ર્ય સેનાનીઓએ દીવને આઝાદ કરાવવા માટે દીવના કિલ્લા પર ચડીને ગાંધી ચિંધ્યા માર્ગે અહિંસક લડત ચલાવી હતી અને દીવને આઝાદ ભારત સાથે જોડયું હતુ. જિલ્લા કલેકટર અજય દહિયાએ કાર્યક્રમને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, આપણા ગૌરવવંતા સ્વાતંત્ર્ય સેનાનીઓ સમગ્ર દેશ માટે પ્રેરણાસ્ત્રોત છે. ઉપરાંત ઉમેર્યુ કે, દેશ આઝાદ થયો અને આપણે સતત વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ગતિ કરી રહ્યા છીએ. આજે આપણા માટે આ ગૌરવની ક્ષણો છે કે, આપણે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓને સન્માનિત કરી રહ્યા છીએ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રકાશ જોષીએ કર્યુ હતુ. સ્વાતંત્ર્ય સેનાનીઓના સન્માન કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવે, નાયબ જિલ્લા પોલીસ અધિકારી અશોકસિંહ ગોહિલ, જિલ્લા રમત ગમત અધિકારી કુરેશી, જિલ્લા યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ સહિતના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અમરેલી નજીક આવેલ

## શેડુભાર ગામે મામાનો દીકરો સોનાનાં દાગીનાં ચોરી કરી લઈ ગયો

### મહિલાએ રૂા. ૧૬ હજારનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાનાં શેડુભાર ગામે રહેતા શોભાબેન ભાવેશભાઈ શિયાળ નામનાં ૪૫ વર્ષિય મહિલા પોતાનાં બાળકોને મુકવા માટે ગયેલા. ત્યારે પોતાના ઘરમાં એક પાકીટમાં સોનાની બુટી નંગ–ર કિંમત રૂા. ૫ હજાર તથા સોનાની સર કિંમત રૂા. ૧૧ હજાર મુકેલ હોય. ત્યારે તેઓ સુરતથી પરત આવી તપાસ કરતા ઉપરનાં દાગીના નહી મળતા તેણીએ પોતાના પતિને વાત કરતાં તેણીનાં મામાનો દીકરો આરોપી જગદીશ બટુકભાઈ ચૌહાણ રાત્રે સુવા માટે ત્યાં આવેલ હોય. જેમણે મહિલાનાં કબાટમાં રાખેલ સોનાની બુટી તથા સર કિંમત રૂા. ૧૬ હજારની ચોરી ગયાની ફરિયાદ નોંધાવી છે.

### તસ્કરો પણ જીવનજરૂરી ચીજવસ્તુઓની ચોરીનાં ધંધે ચડયા

## હાય રે મોંઘવારી : સા.કુંડલામાં કિરાણાની દુકાનમાં છતમાંથી તસ્કરોના પરોણા

સાવરકુંડલા, તા. ૫, સાવરકુંડલા ખાતે મેઈન બજારમાં આવેલી મનજીભાઈ ચકુભાઈ નાગ્રેચાની કરિયાણાની અને આશના જનરલ સ્ટોર્સ નામની દુકાનનાં ઉપરનાં ભાગેથી ખપેડા ફાડી અંદર પ્રવેશી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સવારે દુકાન માલિક દુકાને આવતા ચોરી થયાની જાણ થઈ હતી. કરિયાણાની દુકાનમાંથી ઘીનાં ડબ્બા સહિત ખાદ્ય સામગ્રીની ચોરી થઈ છે. બજારમાં ચોરીની ઘટના બનતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

### માતા–પિતા સગાઈ તોડવાનું કહેતા હોવાથી

## અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારની સગીરાએ મદદ માંગતા ૧૮૧ની ટીમ તુરંત પહોંચી

### માતા–પિતા સાથે રહેવા ન માંગતી સગીરાને સુરક્ષિત સ્થાને લઈ જવાઈ



અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાના એક ગામમાં રહેતી સગીરા દ્વારા કોલ કરીને મદદ માંગવામાં આવતા તુરંત અમરેલી મહિલા પોલીસ સ્ટેશન સ્થિત ૧૮૧ના કાઉન્સિલર કાજલ પરમાર સહિતની ટીમ પીડિતા પાસે પહોંચી ગયા હતા અને સગીરાનું કાઉન્સિલિંગ કરતા જણાવેલ કે તેની સગાઈ જાફરાબાદ તાલુકાના એક ગામમાં થયેલ અને હાલ સગાઈના છ મહિના થયેલ.

પરંતુ સગીરાના માતાપિતા તેણીને સગાઈ તોડવા દબાણ કરતા હોય ઉપરાંત સગીરાને પૈસાની લાલચમાં અન્ય જગ્યાએ લગ્ન કરાવવા માંગતા હોવાની જાણ સગીરાને થયેલ તથા યુવતીની માતાના પાંચમા લગ્ન થયેલ તેવું જણાવેલ અને હાલના પિતા દારૂ પીઈને સગીરાને મારાપીટ કરતા હતા. તેથી સગીરા ઘરથી નીકળી ગયેલ અને સગાઈ કરેલ યુવક ના ઘરે પહોંચેલ સગાઈ કરેલ યુવક લગ્ન કરવા તૈયાર છે.

પરંતુ સગીરાના ૧૮ વર્ષ પૂર્ણ ન હોવાથી જણાવેલ કે યુવતીના ૧૮ વર્ષ પૂર્ણ થતા લગ્નના બંધનમાં બંધાવવા તૈયાર છે અને ૧૮૧ ની ટીમ દ્વારા સગીરાની સંપૂર્ણ હકીકત જાણ્યા બાદ યુવતીના માતાપિતા જોડે અસુરક્ષિત લાગી રહી હતી. તેથી હાલ યુવતીને મહિલા વિકાસ ગૃહની સલાહ આપેલ અને સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવેલ.

### છેલ્લા ર દિવસથી સતત વરસાદ પડતા

## બાબરા : મેલડી માતાજીનાં મંદિર નજીક આવેલ તળાવમાં નવા નીરની આવક

### આજુબાજુનાં કૂવા–બોરનાં તળ ઊંચા આવ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૫

બાબરાનાં નીલવડા માર્ગ પર આવેલ મેલડી માતાજીનાં મંદિર નજીક આવેલ તળાવમાં છેલ્લા ર દિવસથી થતાં વરસાદથી નવા નીરની ભરપૂર આવક થતાં આજુબાજુનાં વિસ્તારનાં કૂવા–બોરનાં તળ ઊંચા આવેલ છે.

## ૧૦૮ સેવાનાં ઓપરેશન હેડ સતીષ પટેલ અમરેલીની મુલાકાતે



અમરેલી, તા. ૫

રાજય સરકાર દ્વારા કાર્યરત અને ઇ.એમ.આર.આઇ. ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા સંચાલિત ૧૦૮ ઈમરજન્સી સેવા અને ખીલખીલાટ સેવાના ગુજરાત રાજયના ઓપરેશન હેડ સતીશ પટેલ દ્વારા આ સેવાને વધુ સુદ્રઢ બનાવવાનાં હેતુથી અમરેલી જિલ્લાની ખાસ મુલાકાત કરવામાં આવી હતી, તેમજ અમરેલી જિલ્લાની સમગ્ર ટીમને તેમના કાર્યો વિશે વધુમા વધુ સારી રીતે લોકોને સેવા મળી રહે અને છેવાડાના માનવી સુધી ૧૦૮ અને ખીલખીલાટ સેવાનો લાભ મળે તે ઉદ્દેશ્ય સાથે જરૂરી માર્ગદર્શન અને સુજાવો પૂરા પાડયા હતા તેમજ ૨૪×૭ એટલે કે ચોવીસ કલાક અને સાતેય દિવસ સેવા આપતા ૧૦૮ ના કર્મચારીઓની મુલાકાત લઈ એમની કામગીરી માટે અને ખાસ કરીને બીપોરજોય વાવાઝોડા દરમિયાન કરેલી કામગીરીને લીધે બિરદાવવામાં આવ્યા હતા. તેમજ વધારે વરસાદ અને અતિવૃષ્ટિ જેવા સમયગાળામાં તેમજ અંતરિયાળ વિસ્તારમાં કોઈપણ ઈમરજન્સીને પહોંચી વળવા માટે ૧૦૮ અને ખીલખીલાટ ટીમને યોગ્ય અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ઈમરજન્સી સમયે ૧૦૮ માં થતી સગર્ભા માતાઓની અને નવજાત શિશુઓ અને દરેક દર્દીની વધુમા વધુ સારી રીતે કાળજી લેવામાં આવે અને તેમજ ટીમને તેમની સરાહનીય કામગીરી માટે બિરદાવવામાં આવ્યા હતા અને અમરેલી જિલ્લાના ૧૦૮ અને ખીલખીલાટ સેવાના કર્મચારીઓની મુલાકાત લીધી હતી તેમજ જિલ્લામાં ૧૯૬૨ એનિમલ હેલ્પલાઇનની સેવાના દસ ગામ દીઠ ફરતા પશુ દવાખાનાની મુલાકાત કરી ટીમને મોટીવેશન પૂરું પાડયું હતું. તેમજ અમરેલી જિલ્લાના ૧૦૮ ઈમરજન્સી મેનેજમેન્ટ એકિઝકયુટિવ અમાનતઅલી નકવી અને યુવરાજસિંહ ઝાલા પણ ઉપસ્થિત રહ્યાં હતા અને વધુમાં વધુ સારી રીતે કામ કરી શકે તે માટે ટીમનો જુસ્સો વધારવામા આવ્યો હતો. હાલ અમરેલી જિલ્લામા કુલ ૨૩ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ (બેક અપ એમ્બ્યુલન્સ સાથે) અને ૧૫ જેટલી ખીલખીલાટ સેવાની વાનની સેવા કાર્યરત છે.

## બાબરકોટ પ્રાથમિક કેન્દ્રના ગામોમાં મેલેરીયા માસની ઉજવણી કરાઇ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૫

અમરેલી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોશી, ડો. આર.કે. જાટ, ડો. એ.કે. સિંગ, ડો. સાલવી તેમજ તાલુકા હેલ્થ ઓફીસર ડો.એમ.બી. ટાંકના માર્ગદર્શન નીચે બાબરકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો. દક્ષાબેન મેવાડા, ડો. ઈલાબેન મોરી, સુપરવાઈઝર હિતેશભાઈના માર્ગદર્શન નીચે પ્રાથમિક કેન્દ્રના તમામ ગામોમાં સીએસઓ, એમપીએસડબલ્યુ, એફએસડબલ્યુ તથા આશાબેન દ્વારા જૂન માસ મેલેરીયા માસ તરીકે ઉવવામાં આવ્યો જે અંતર્ગત ઘણી પ્રવૃતિઓ કરવામાં આવેલ. જેમાં હોમ ટૂ હોમ સર્વે, ડિસ્કાર્ડ કન્ટેનર, આઈ.ઈ.શી. પ્રાથમિક શાળાના બાળકોને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ વિશે સમજાવેલ. આ કામગીરી માં સીએસઓ, એલટી, એમપીએસડબલ્યુ, એફએસડબલ્યુ, આશાબેનો દ્વારા કરવામાં આવી હતી.

### ચલાલા નજીક આવેલ

## ધારગણી ગામે પીજીવીસીએલનાં અધિકારીને થપ્પડ મારી ધમકી આપી

### ધારગણી ગામનાં બે ઈસમો સામે નોંધાઈ ફરિયાદ

અમરેલી, તા. ૫

ચલાલા પીજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતાં પ્રતિક ઈશુનાથ રાઠવા નામનાં અધિકારીની દેખરેખ નીચે હાલ ચોમાસાની સિઝનમાં જયોથિગ્રામ મેન્ટેનન્સની કામગીરી ધારગણી ગામે શરૂ હોય. ત્યારે નજીકમાં બાવળનું ઝાડ નડતરરૂપ હોય તે કાપવા જતાં ધારગણી ગામે રહેતા અશોકભાઈ ભાયાભાઈ વાળા તથા મહેશભાઈ ભાયાભાઈ વાળાએ પીજીવીસીએલનાં કર્મીઓને રોકેલ હોય. જેથી નાયબ ઈજનેર આ બાબતે આરોપીનાં ઘરે સમજાવવા જતાં આ બન્ને આરોપીએ પીજીવીસીએલનાં નાયબ ઈજનેરને ગાળો આપી, કાંઠલો પકડી થપાટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી અને ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.

### વર્ષોથી સમસ્યા છતાં કોઈ નિરાકરણ નહી

## સાવરકુંડલાની નાવલી નદીમાં આવેલ શાકમાર્કેટની દુર્દશા કોઈ તો દૂર કરો

### ધારાસભ્યો બદલાયા, સરકારો બદલાઈ છતાં સમસ્યા જૈસે થે

સાવરકુંડલા, તા. ૫

હા આ એ જ સ્થાન જે જયાં ચોમાસાના વરસાદી માહોલ સિવાયના સમયમાં શાકમાર્કેટ બેસે છે. આમ તો આને નાવલીનો પટ્ટ જ કહેવાય. જો કે વરસાદી માહોલમાં આ વિસ્તારમાં પાણી હોય શાકમાર્કેટમાં શાકભાજી વેચતાં વેપારીઓ જાહેર રોડની બંને સાઈડમાં બંને બાજુ બેસે છે. અહીં વાત તો આ નાવલી નદીના પટમાં બેસતી શાકમાર્કેટની જ કરવી છે. ચોમાસાનાં વરસાદી માહોલ સિવાયના દિવસોમાં અહીં નાવલીનાં પટ્ટમાં બેસતી શાકમાર્કેટમાં અવારનવાર ગટરના ગંદા પાણી પણ વહેતા જોવા મળે છે. એ ગટરના પાણી વચ્ચે શાકભાજી ખરીદવા શહેરના લોકો મજબૂર બને છે. આમ



તો આ શાકમાર્કેટ સ્થળાંતરનો પ્રશ્ન પણ ખૂબ પેચીદો જણાય છે. પરંતુ શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય સંબંધી સુખાકારી માટે પણ આ શાકમાર્કેટ કોઈ સ્વચ્છ, સુઘડ અને હાઈજેનીક સ્થાન પર હોય તો સાવરકુંડલા શહેરનાં નાગરિકોની એવરેજ તંદુરસ્તી પણ સુધરે. આ શાકમાર્કેટની સમસ્યા વિશે અવારનવાર અખબારી અહેવાલો પણ પ્રસિદ્ધ થયાં છે. પરંતુ હજુ સુધી તો પરિણામ શૂન્ય છે. ધારાસભ્ય આ સંદર્ભે હસ્તક્ષેપ કરી વહેલી તકે કોઈ રચનાત્મક ઉકેલ લાવે એમ લોકો ઈચ્છી રહ્યા છે.

### રૂપિયા ૩૮૫૫૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો

## લાઠી : રેસ્ટોરન્ટમાંથી અલગ અલગ બ્રાન્ડનું શંકાસ્પદ કેફી પ્રવાહી કબ્જે લેવાયું

### આઈપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે લઈ તપાસ અર્થે મોકલાયું

અમરેલી, તા. ૫

બાબરા ગામે રહેતા ઈકબાલભાઈ ઉંમરભાઈ શેખે લાઠી ખાતે આવેલ એફ.એમ.ટી. રેસ્ટોરન્ટમાં અલગ અલગ બ્રાન્ડની કુલ ૨૮૪ બોટલ કિંમત રૂા. ૩૮૫૫૦ની જેમાં આલ્કોહોલ અથવા તો કોઈ કેફી પ્રવાહી મિશ્રિત પીણું હોવાના અનુમાનને લઈ સીઆરપીસી ૧૦૨ મુજબ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

### માતા–પિતાની મરજી વિરૂધ્ધ લગ્ન કરનારને મળી ધમકી

## તારી જીંદગી હવે પુરી થઈ ગઈ છે સમાજ તને મારી નાખવા તૈયાર છે તેમ પિત્રાઈ ભાઈની ધમકી

### હાલ લીલીયા ગામે રહેતી પરિણીતાએ નોંધાવી પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૫

હાલ લીલીયા ગામે રહેતી મિતલબેન મિતુલભાઈ મકવાણાએ પોતાના માતા–પિતાની મરજી વિરૂધ્ધ જઈ લગ્ન કરેલ હોય. જે વાત તેણીના માતા–પિતા તથા સમાજનાં લોકોને ગામી ન હોય. ત્યારે લગ્નમાં સાક્ષી બનનારને બદનામ કરવા માટે તેણીનાં પિત્રાઈ ભાઈ બદનામ કરતો હોય. જેથી તેણીએ પોતાના મોટા બાપાનાં દીકરા આરોપી ગોપાલભાઈ નાથાભાઈ કાતરીયાને ઠપકો દેવા માટે ફોન કરતા આરોપીએ તેણીને તથા તેણીના પતિને "તારી જીંદગી હવે પુરી થઈ ગઈ છે, સમાજ તમને મારી નાખવા તૈયાર છે અમે ભેગા થઈને તમને પતાવી દેવાના છે" તેમ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ મિતલબેને રાજુલા પોલીસમાં નોંધાવી છે.

## કુદરતી મીઠાશ એવી કે મહાનગરોમાં પણ ઊંચી કિંમતે ખરીદવા પડાપડી

# જાફરાબાદનાં બાબરકોટનો ''બાજરો'' ખરીદવા સૌ કોઇ તૈયાર

**દેશમાં ઉત્પાદિત જાડાધન્યને હવે સમગ્ર વિશ્વમાં ઓળખ મળી ચુકી છે**

**દેશમાં એક અંદાજ મુજબ જાડાધાન્યનું દર વર્ષે ૧૭ મિલિયન મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન**

**અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૩૭૭૪ મેટ્રિક ટન બાજરીનું ઉત્પાદન નોંધાયું**

**રાજયનાં બજેટમાં ચતુર્થ સ્થંભ તરીકે કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિકાસ**



અમરેલી, તા. ૫

સમય અને સ્થિતિ સાથે તાલ મિલાવવા અને આગળ વધતું રહેવાના અભિગમ સાથે ભારત દેશે વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિના નવા શિખરો સર કર્યા છે. વિદેશ નીતિ હોય કે, સંરક્ષણ ટેકનોલોજી કે પછી હોય કૃષિક્ષેત્રની વાત ! ભારત એ વિકસિત રાષ્ટ્ર બનવા તરફની દિશામાં ઝડપથી આગળ વધે છે.

ખાદ્ય અને કૃષિ સંગઠન (એફએઓ) દ્વારા વર્ષ-૨૦૧૮માં ભારત દ્વારા આંતરરાષ્ટ્રીય વર્ષ-૨૦૨૩- શ્રી અન્ન- જાડા ધાન (ધાન્ય) ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટસની ઉજવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો જેને અનુમોદન આપવામાં આવ્યું. સંયુકત રાષ્ટ્રની મહાસભાએ વર્ષ-૨૦૨૩ને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટસ તરીકેની વૈકિ ઉજવણી માટે ઘોષણા કરી છે. ભારત માટે શ્રી અન્ન : જાડા અનાજની વૈકિ ઓળખ છે. જાડા અનાજમાં બાજરો, જુવાર, રાગી સહિતના પાકનો સમાવિષ્ટ છે.

સમગ્ર વિમાં ભારત, ચીન અને નાઈજીરિયા એ બાજરાના મોટા ઉત્પાદકો છે. આ ઉપરાંત વિના કુલ ઉત્પાદનમાં ૨૦ ટકા હિસ્સો ભારતનો છે, જયારે એશિયામાં ભારતનો હિસ્સો ૮૦ ટકા છે. આજે ભારતમાં એક અંદાજ મુજબ મિલેટ્સનું દર વર્ષે ૧૭ મિલિયન મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન થાય છે.

ગુજરાતમાં અમરેલી, બનાસકાંઠા, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર સહિતના જિલ્લાઓમાં બાજરીનું વાવેતર કરવામાં આવે છે. ડાંગ, વલસાડ, નવસારી, સુરત જિલ્લામાં નાગલી અથવા રાગીનું વાવેતર કરવામાં આવે છે. આ વિસ્તારના લોકોના મુખ્ય ખોરાકમાં તેનો સમાવેશ થાય છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં મકાઈ અને જુવાર સહિતના પાક ઉગાડવામાં આવે છે.

અમરેલી જિલ્લાની વાત કરીએ તો બાજરો અથવા બાજરીનું વાવેતર સારા પ્રમાણમાં ખેડૂતો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૩,૮૯૬ હેક્ટર જમીનમાં ૫,૭૬૮ મેટ્રિક ટન નોંધાયું હતું. ત્યારબાદના વર્ષોમાં પણ સતત વાવેતર વિસ્તાર અને ઉત્પાદન બંને વધી રહ્યા છે. જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૫,૮૬૩ હેક્ટર ખેતીલાયક જમીનમાં કુલ ૧૩,૭૭૮ મેટ્રિક ટન બાજરીનું ઉત્પાદન થયું છે.

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ વિસ્તારમાં અનેક ગામડાઓના ખેડૂતો બાજરી અને બાજરાનું વાવેતર કરે છે. અહીં ઉત્પાદિત થતાં બાજરાનો સ્વાદ એવો કે લોકોને દાઢે વળગે છે કે આ વિસ્તારનો બાજરો મુંબઈ, અમદાવાદ અને સુરતના લોકો દ્વારા ઉંચી કિંમત ચૂકવીને ખરીદવામાં આવે છે. એટલું જ નહીં બાજરાનો પાક હજુ ખેતરમાં હોય ત્યાં જ તો એ બાજરી ખરીદી માટે નોંધણી થાય છે અને તે પાકનું વેચાણ તાત્કાલિક થાય છે.

શ્રી અન્ન : આ આપણો વારસો છે, આ આપણા સ્વાસ્થ્યને અનુકુળ છે, આ આપણા પર્યાવરણ અને આબોહવાને પણ અનુકુળ છે ઉપરાંત રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે. શ્રી અન્ન (જાડા ધાન્ય) એ હૃદય સ્વસ્થ રાખે છે, ડાયાબિટિસ જેવા રોગોને નિયંત્રણમાં રાખે છે, શરીરના હાડકા મજબૂત કરે છે.

શ્રી અન્નના મૂળ છેક સિંધુ સભ્યતામાંથી મળે છે. શ્રી અન્નમાં તમામ પ્રકારના ગુણો હોય છે. વિટામિન અને પોષક તત્વોથી ભરપૂર શ્રી અન્ન એ આયુષ્ય વધારનાર છે. જાડા અનાજને દૈનિક ખોરાકમાં સામેલ કરીને આપણા વારસાને આગળ વધારવો જોઈએ.

સમૃદ્ધ કૃષિ, તંદુરસ્ત વિ માટેના અભિગમ માટે શ્રી અન્ન એ આ સમયની જરૂરિયાત છે. શ્રી અન્ન રાંધવામાં પણ સરળ છે. બાજરાના પાકને ખેતીમાં ઉગાડવા માટે ચોખા અને ઘઉંની સરખામણીમાં ૩.૫ ગણા ઓછા પાણીની જરૂરિયાત હોય છે. રાજસ્થાનમાં બાજરાનો વાવેતર વિસ્તાર સતત વધી રહ્યો છે. ગુજરાત પણ શ્રી અન્નના ઉત્પાદનમાં પાછળ નથી.

વર્ષ-૨૦૨૩માં શ્રી અન્ન અંતર્ગત વૈકિ ઉજવણીનો ઉદ્દેશ ખાદ્ય સુરક્ષા અને પોષણમાં અનાજના યોગદાનને લઈને જાગૃત્તતા વધારવાનો ઉપરાંત પોષક અનાજના ટકાઉ ઉત્પાદન અને ગુણવત્તામાં સુધારા માટે તમામ હિતધારકોને પ્રોત્સાહિત કરવાનો છે. આવો સૌ ખોરાકમાં શ્રી અન્ન અપનાવીને આપણા પોતીકા વારસાને આગળ ધપાવીએ.

કૃષિ ક્ષેત્રમાં આવેલા પરિવર્તનોને સ્વીકારીને આર્થિક ક્ષેત્રે વધુ સમૃધ્ધિ મળી શકે છે. કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થાય તે માટે રાજયના બજેટમાં ચતુર્થ સ્થંભ તરીકે સ્વીકૃતિ પણ મળી છે. શ્રી અન્ન અપનાવી કૃષિ અને સમાજ જીવનમાં નવા પાસાઓ ઉમરીએ.


**આલેખન : ધર્મેશ એન.વાળા**
**તસવીર :એમ.એમ.ધડુક**


## સાવરકુંડલાની દીકરી નમ્રતાબેન પડિયા અથાગ પુરૂષાર્થથી સી.એ. બન્યા

સાવરકુંડલા, તા. ૫

૨૧મી સદીનાં વિદ્યાર્થીઓ માટે પ્રેરણા આપતી કહાની ''NOTHING IS IMPOSSIBLE'' આ વાકય આપણે સૌએ સાંભળ્યું હશે અને આજે આપણા સાવરકુંડલાની દીકરીએ સાકાર કર્યુ છે અને અશકય લાગતું કાર્ય શકય બનાવ્યું છે. બધા એવું કહે સી.એ. કરવું હોય તો બહારગામ મોટા શહેરમાં જવું પડે અને સી.એ.ની પરીક્ષા ખુબ અઘરી હોય છે. સાવરકુંડલામાં રહીને સી.એ. ન કરી શકાય. પરંતુ સાવરકુંડલાની દીકરી નમ્રતાબેન જગદીશભાઈ પડિયાએ સખત પુરુષાર્થ સાવરકુંડલામાં રહીને પોતાના ઘરે દરરોજ ૧૫ થી ૧૭ કલાકનો અભ્યાસ કરીને સમાજને ખુબ જ અઘરી લાગતી પરીક્ષા સી.એ. (ચાર્ટડ એકાઉન્ટ) પાસ કરી છે. કહેવાય છે ને કે ''સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.'' નમ્રતાબેનની સફળતા પાછળની મહેનત દરેક વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે.






















# સાવરકુંડલા : કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૫

શ્રીમતી વી.ડી ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં કારકિર્દી માર્ગદર્શન અંગેનો સેમિનાર યોજાયો. શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત, શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં કારકિર્દી વિષયક માર્ગદર્શન આપતો સેમિનાર યોજાયો. જેમાં વિશાલભાઈ ગોહિલ તથા અરમાનભાઈ ધંધુકિયાએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઓછા સમયમાં વધુ સારી તૈયારી કઈ રીતે કરી શકાય તે વિષયનું સુંદર માર્ગદર્શન પૂરૂં પાડયું. મહેમાનોનું સ્વાગત પ્રા. છાયાબેન શાહે કર્યુ તથા આભાર દર્શન પ્રા. ડો. પ્રતિમાબેન શુકલે કર્યુ. કાર્યક્રમના આયોજનમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડી.એલ ચાવડાએ સહયોગ આપ્યો. કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ સ્ટાફનો સહકાર મળ્યો.

# જિલ્લામાં તા.૧૦ થી તા.૧૪ જુલાઇ દરમિયાન ધો.૧૦ અને ધો.૧૨ની પૂરક પરીક્ષા યોજાશે

અમરેલી, તા. ૫

આગામી તા.૧૦ થી તા.૧૪ જુલાઈ, ૨૦૨૩ દરમિયાન અમરેલી જિલ્લામાં ગુજરાત રાજય શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ધો.૧૨ માટેની પૂરક પરીક્ષાઓ યોજાશે. ધો.૧૦ની પરીક્ષા જિલ્લાના ૧૧ કેન્દ્રો પર અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૦૮ કેન્દ્રો પર તથા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા ૨૦ કેન્દ્રો પર યોજાશે. જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ રીતે, પારદર્શિતા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આગામી તા. ૧૦ થી તા.૧૪ જુલાઈ, ૨૦૨૩ દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ.

પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુ ટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ રહેશે.

### તા. ૦૯ જુલાઈ થી તા.૧૧ જુલાઈ સુધીમાં રજીસ્ટ્રેશન કરવું

# અમરેલી : ટ્રાન્સપોર્ટ વાહનની નવી સીરીઝ GJ 14 AT ૦૦૦૧ થી ૯૯૯૯ માટે ઈ–ઓકશન

### રિ–ઓકશનનું પરિણામ તા.૧૩ જુલાઈ, ૨૩ રોજ પ્રસિદ્ધ થશે

અમરેલી, તા. ૫

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અમરેલી કાર્યક્ષેત્રના તમામ ટ્રાન્સપોર્ટ ધારકો માટેની નવી સીરીઝ GJ 14 AT 000૧ થી ૯૯૯૯ માટે રિ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે વાહન માલિકોએ નીચે મુજબની પ્રક્રિયા અનુસરવી. આ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન તા.૦૯ જુલાઈ થી તા.૧૧ જુલાઈ, ૨૦૨૩ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી કરી શકાશે.

ઈ–ઓકશનમાં બિડીંગ કરવાનો સમયગાળો તા.૧૧ જુલાઈ થી તા.૧૩ જુલાઈ, ૨૦૨૩ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી રહેશે. આ ઉપરાંત ઈ–ઓકશનનું પરિણામ તા.૧૩ જુલાઈ, ૨૦૨૩ રોજ સાંજે ૪ વાગ્યે પ્રસિદ્ધ થશે. ઓનલાઈન ઓકશનમાં ભાગ લેવા માટે http://parivahan.gov.in/parivahan પર નોંધણી કરાવવી ફરજિયાત છે. પસંદગીના નંબર મેળવવા માટે ઉપર મુજબ લિંક પર નોંધણી યુઝર આઈ–ડી અને પાસવર્ડ તૈયાર કરી, ઉપર મુજબ તારીખોમાં બીડીંગ કરવાનું રહેશે. વાહન ખરીદીના ૭ દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. અરજદારોએ હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૦૫ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો આ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરી વાર હરાજી કરવાની રહેશે.

ઓનલાઈન ઓકશન દરમિયાન અરજદારે આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવો. આ હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા વાહન માલિકોને સફળ માનીને બાકીનાં નાણા ૦૫ દિવસમાં ભરવા માટે એસ.એમ.એસ. અને અથવા તો ઈ–મેઈલથી જાણ કરવામાં આવશે. નાણા હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે પરત કરવાના રહેશે. એટલે કે, નેટ બેંકિંગ, ક્રેડીટકાર્ડથી ચુકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં એસ.બી.આઈ. ઈ–પેમેન્ટ દ્વારા પરત કરવામાં આવશે. આ હેતુ માટે ઓનલાઈન એમ.આઈ.એસ. અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી બેંકને જાણ કરવી.

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અમરેલીના જણાવ્યા મુજબ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો 'યુ–ટયૂબ'માં ઈ–ઓકશન, આર.ટી.ઓ. ગુજરાત સર્ચ કરવાથી વીડિયો જોઈ શકાશે. વધુમાં ઈનવોઈસ અને વીમાની તારીખ બેમાંથી જે વહેલાં હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી માટે કચેરીના હેડ કલાર્કનો સંપર્ક કરવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ૬ જુલાઇ : વર્લ્ડ ઝુનોસીસ ડે




ઝૂનોટિક બીમારી (ઝુનોસીસ ડીસીસ) જેમ કે ઈબોલા, એવિયન ઈન્ફલુએન્ઝા અને વેસ્ટ નાઈલ વાયરસને નાબૂદ કરવા માટે સૌથી પહેલા રસીકરણ કરવામાં આવ્યું હતું. જે નિમિતે દર વર્ષે ૬ જુલાઈનાં રોજ ''વર્લ્ડ ઝૂનોસિસ ડે'' મનાવવામાં આવે છે. ઝૂનોસિસ એક સંક્રામક રોગ છે જે પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાય છે. ઝૂનોટિક પેથોગન્સ બૈકટીરિયલ, વાયરલ અથવા પરજીવી હોઈ શકે છે. જે મનુષ્યનાં સીધા સંપર્કમાં આવવાથી અથવા ભોજન, પાણી અને વાતાવરણનાં માધ્યમથી મનુષ્યોમાં ફેલાય છે.

ઝૂનોસિસમાં એચઆઈવી, ઈબોલા અને સાલ્મોનેલોસિસ જેવી સંક્રામક બીમારીઓ શામેલ છે. ઝૂનોસિસની શરૂઆત થયા બાદ તે માનવ સ્ટ્રેઈનમાં પરિવર્તિત થઈ ગયા હતા. ઝૂનોટિક બીમારીને નાબૂદ કરવા માટે ફ્રાંસ જીવવિજ્ઞાની લુઈ પાશ્ચર દ્વારા ૬ જુલાઈ ૧૮૮૫નાં રોજ પહેલીવાર સફળતાપૂર્વક રસીકરણ એડમિનિસ્ટર્ડ કરવામાં આવ્યું હતું. ઝૂનોટિક બીમારીઓની ગંભીરતા વિશે અને તેને રોકવા માટે જાગૃતતા લાવવા આ દિવસનો મુખ્ય હેતુ છે.

મોટાભાગે ઝૂનોટિક બીમારી ફેલાવવામાં પ્રાણીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) અનુસાર ઝૂનોટિક બીમારી પ્રાણીઓનાં સંપર્કમાં આવવાથી ફેલાય છે. જેમાં માંસનું સેવન જવાબદાર છે. જે જાનવરોનું ભોજન તરીકે સેવન કરવામાં આવે છે તે જાનવરોમાં એન્ટીબાયોટીક દવાઓના ઉપયોગ કરવામાં આવતા તે દવાને કારણે ઝૂનોટિક પેથોગન્સ થવાની સંભાવના રહે છે. ઝૂનોટિક બીમારીઓ અલગ અલગ પ્રકારની હોય છે તેથી તેને રોકવા માટેના ઈલાજ પણ અલગ અલગ પ્રકારના હોય છે. કૃષિક્ષેત્રે પશુઓની દેખભાળ કરવા માટે દિશા નિર્દેશોનું યોગ્ય પાલન કરવામાં આવે તો ખાદ્ય જનિત ઝૂનોટિક બીમારીઓ થવાનું જોખમ ઓછું રહે છે. સ્વસ્છ પીવાનું પાણી, શાકાહાર, કચરાનો યોગ્ય નિકાલ અને પાણીનું યોગ્ય રીતે સંરક્ષણ કરીને આ બીમારીને ફેલાતી રોકી શકાય છે. પશુ, પક્ષી અને પ્રાણીઓનાં સંપર્કમાં આવ્યા બાદ હાથ ધોવા અને સ્વચ્છતાનું યોગ્ય રીતે પાલન કરીને ઝૂનોટિક બીમારીને ફેલાતી રોકી શકાય છે.

આ ઉપરાંત શાકાહાર આ બીમારીને દૂર રાખવાનો ખુબ જ ઉપયોગી ઉપાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યકિતને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે.

શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે. માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ–ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ–પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# વડિયા : તા. ૨૬ જુલાઇએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

વડીયા, તા. ૫

વડીયા મામલતદાર કચેરી ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને તા.૨૬ જુલાઈ, ૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે વડિયા તાલુકા સ્વાગત ફરિયાદ કાર્યક્રમ યોજાશે.

તાલુકાના લોકોએ જે–તે કચેરી, ખાતા, વિભાગોને લગતી રજુઆતો કે પ્રશ્નો મામલતદાર કચેરી, વડીયા ખાતે તા.૧૦ જુલાઈ, ૨૦૨૩ સુધીમાં લેખિતમાં પહોંચાડવાના રહેશે. એક અરજદાર વધુમાં વધુ ૨ પ્રશ્નોની રજૂઆત કરી શકશે.

ઉપરાંત અરજી પર તાલુકા સ્વાગત કાર્યક્રમ લખવાનું રહેશે. સેવા વિષયક, નીતિ વિષયક, કોર્ટમાં પડતર હોઈ તે બાબતોની અરજીઓ લેવામાં આવશે નહીં. ઉપરાંત જમીન મિલકત સંબંધી દાવાઓ, દિવાની, મહેસુલી કોર્ટમાં પડતર હોય કે પડકારવા પાત્ર હોય તેવી બાબતોની રજૂઆતો કરી શકાશે નહીં તેમ મામલતદાર વડીયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### મોટી સંખ્યામાં ભકતજનોની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલાનાં નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

### રકતદાન કેમ્પ, પુસ્તક વિમોચન અને પ્રસાદનો કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૫

સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ– સાવરકુંડલા ખાતે તારીખ ૦૩/૦૭/૨૦૨૩ને સોમવારે ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ પુસ્તક વિમોચન સમારોહ પ્રસંગે મહા રકતદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ટીંબી ખાતે વિનામૂલ્યે ચાલતી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબીના દર્દીઓના લાભાર્થે આ મહારકતદાન કેમ્પ યોજાયો હતો.

આ હોસ્પિટલમાં દર્દીઓની તપાસ, લેબોરેટરી ટેસ્ટ, એક્સ–રે, સોનોગ્રાફી, દવાઓ, ઓપરેશનો તેમજ અન્ય તમામ સેવાઓ સાથે દર્દીઓ અને તેમની સાથે આવનાર તેમના સગાં–સબંધીઓને પણ તદ્દન વિનામૂલ્યે ભોજન–પ્રસાદ આપવામાં આવે છે. ગુરૂપુર્ણિમા મહોત્સવ નિમિત્તે હજારોની સંખ્યામાં ભાઈઓ–બહેનો– બાળકો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે રકદાતાઓને આકર્ષક ગિફ્ટ પણ આપવામાં આવેલ અને સાથોસાથ ભોજન–પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવેલ. આમ સાવરકુંડલા ખાતે નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી આસ્થાભેર સંપન્ન થયેલ.

### એક ટાઈમ ઠંડુ ભોજન લઈને

# અમરેલી જિલ્લામાં આવતીકાલે રઘુવંશી સમાજ દ્વારા નાગપંચમી પર્વની ઉજવણી કરાશે

### નાગદેવતાને દૂધનો અભિષેક કરાશે

સાવરકુંડલા, તા. ૫

અષાઢ વદ પાંચમ એટલે લોહાણા સમાજની નાગપંચમી. રઘુવંશીનું મહત્વનું પર્વ ગણવામાં આવે છે. આ પાવન પર્વ પર રઘુવંશી સમાજ ખૂબ જ ભકિતભાવથી નાગદેવતાનું પૂજન કરે છે. આ વર્ષે નાગપંચમીનું પર્વ શુક્રવાર તારીખ ૭–૭–૨૦૨૩ના રોજ ઉજવવામાં આવશે.

આમ પણ ચોમાસાના ચાર મહિના એટલે ધાર્મિક તહેવારોની વણઝાર. ગણેશચતુર્થી, અષાઢી બીજ, ગુરૂ પૂર્ણિમા, બોળચોથ, નાગપંચમી, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, સંવત્સરી, નવરાત્રિ, રેંટિયા બારશથી દિવાળી સુધી માત્ર અને માત્ર તહેવારોની મોસમ જોવા મળે છે. અષાઢ વદ પાંચમ એટલે રઘુવંશી સમાજને માટે નાગપંચમીનો તહેવારનો દિવસ. આ દિવસે સમગ્ર સાવરકુંડલાનાં રઘુવંશી મહિલાઓ નાગ પૂજન માટે જરૂરી પ્રસાદ સામગ્રી સાથે સમાજનાં નિશ્ચિત પૂજા સ્થાને ધાર્મિક વિધિ મુજબ નાગ દેવતાનું ખૂબજ ભકિતભાવથી પૂજન અર્ચન કરતાં હોય છે.

આ પ્રસંગે ફણગાવેલાં મગ, ચણા અને બાજરીનો પ્રસાદ પણ ધરવામાં આવે છે. નાગપંચમીના દિવસે નાગદેવતા(નાગદેવતાનું ચિત્રણ કરેલું હોય તે સ્થાને)ને ખૂબ જ આસ્થાપૂર્વક દૂધ પીવડાવવામાં આવે છે. આ દિવસે લોહાણા સમાજની મહિલાઓ ઘઉંની બનાવટની ખાદ્ય સામગ્રી આરોગવાનું નિષેધ સમજે છે અને આ દિવસે દૂધનો પણ ખાદ્ય પદાર્થ તરીકે નિષેધ માનવામાં આવે છે. આથી મહિલાઓ નાગપંચમીના દિવસે આ બંને ખાદ્ય પદાર્થોનું સેવન ન કરીને આ પર્વ ઉજવે છે. આ નાગપંચમીના દિવસે એક ટંક ઠંડુ ભોજન લે છે અને જગતને વિષરહિત કરવાની પ્રાર્થના પણ કરતાં હોય છે. આ પ્રસંગે નાગ દેવતાને લગતી ધાર્મિક વાર્તાનું શ્રવણ પણ સમૂહમાં કરતાં હોય છે. આમ પણ નાગ દેવતા અર્થાત્ શેષનાગ જ આ ધરતીનો ભાર પોતાના શિશ પર વહન કરીને આ સૃષ્ટિને સમરસ કરે છે તેવી વાયકાઓ પણ પેઢી દર પેઢીથી લોકોમાં સાંભળવા મળે છે. એક તો અષાઢી માહોલ અને એમાં પણ વરસાદના આગમનની ઘડીઓ વચ્ચે આહ્લાદક વાતાવરણમાં આ પર્વ ઉજવાય છે. સમાજમાં પ્રવર્તી રહેલાં વિવિધ પ્રકારના વિષનું શમન એ જ આ પર્વનો ઉદ્દેશ હોય શકે. આ નાગપંચમીનો તહેવાર સમગ્ર માનવજાત માટે સુખ સમૃદ્ધિ અને સામાજિક સેહાર્દ અને વૈશ્વિક શાંતિ અર્પે એવી ઈશ્વર પાસે કરબધ્ધ પ્રાર્થના.

# વડેરાની જનતા વિદ્યાલયમાં આસ્થાભેર ગુરૂપૂર્ણિમાની ઉજવણી

વડેરા, તા. ૫

જનતા વિદ્યાલય–વડેરા ખાતે ગુરૂપૂર્ણિમાની શાનદાર ઉજવણી કરવામાં આવેલ.

સૌ પ્રથમ સામૂહિક પ્રાર્થના બાદ ગુરૂપૂજન વિદ્યાર્થીઓએ કુમ કુમ તિલક, ચોખા સાથે તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરીને કરેલ.

ત્યારબાદ સાચા સદ્ગુરૂ તારણહાર સેંજલીયા હસ્તી, ત્રાડ ક્રિશા, ગંગલ દ્રષ્ટિ દ્વારા રજૂ કરાયેલ. ગુરૂવર સામને નવું ગીત ગોસ્વામી રિધ્ધી, નાકરાણી કાવ્યા, બોદર જેન્સીએ રજૂ કરેલ. ગુરૂજીના નામની હો... ડાભી ઓમ, માધડ દર્શન, સાવજ સૃષ્ટિ, માધડ હર્ષિતાએ રજૂ કરેલ. ગુણા પાર્થ, નાકરાણી પલ્લવ, દેથળીયા વૈભવ, નાકરાણી કાવ્યા, સાવજ સૃષ્ટિ, ગોસ્વામી રિધ્ધી, માધડ દર્શને પ્રવચનો આપેલ.


જીવનમાં ગુરૂજીનાં મહત્વ વિશે આચાર્ય મુકુંદભાઈ મહેતા, પંકજભાઈ દેવમુરારી, ધર્મેશભાઈ પંડયાએ પોતાના વકતવ્યો આપી. વિદ્યાર્થીઓને આશીષ પાઠવેલ. સમગ્ર ગુરૂપૂર્ણિમા વંદના કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન શ્રી દેવમુરારી બાપુએ કરેલ.

# અમેરિકા સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું ૯મું અધિવેશન યોજાયું







સૌરાષ્ટ્રનાં લેઉવા પટેલ સમાજ ૧૯૫૬થી અમેરિકામાં નોકરી–ધંધા માટે ગયેલ છે. હાલમાં અમેરિકામાં પટેલ સમાજનાં લાખો લોકો વસ્યા છે. પટેલ સમાજનું એક સંગઠન ''સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજ(એસ.પી.સી.એસ.)'' ની સ્થાપના ૧૯૮૦માં થયેલ છે. એસ.પી.સી.એસ.માં હાલમાં ૧૧૦૦૦ અગીયાર હજાર જેટલા સભ્યો છે. આ સંગઠન ખુબ જ મજબૂત સંગઠન છે. સામાજિક સાંસ્કૃતિક–સેવાકીય કાર્યો કરે છે. ઉપરાંત ભારતમાં વસતા લોકોને–ગામડાને મદદરૂપ થાય છે. આ સંગઠન(એસ.પી.સી.એસ)નું ૯મું(નવમું) અધિવેશન રાલે શહેર નોર્થ કેરોલીના સ્ટેટમાં તા. ૧ જૂલાઈથી ૩ જુલાઈ સુધી મળેલ હતું. તેમાં રેકોર્ડ બ્રેક ૨૬૧૮ સભ્યોની હાજરી હતી. અધિવેશન દરમ્યાન સાંસ્કૃતિક–સામાજિક કાર્યક્રમો રાખવામાં આવ્યાં હતા. માયાભાઈ આહિરનો ડાયરો પણ રાખવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્રનાં ગામડામાં વસતા લોકો તથા અમેરિકામાં જઈ વસેલા લોકોનું સમન્વય કરતું સામાજિક નાટક ''દાદા ચાલ્યા અમેરિકા'' ૯૦ મિનિટનું નાટક અમરેલીનાં બ્રિજેશભાઈ શંભુભાઈ દેસાઈ તથા આકાશ શંભુભાઈ દેસાઈ(પાણીયાવાળા) અને તેની ટીમ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત ખોડલધામનાં સ્થાપક નરેશભાઈ પટેલ, સરદારધામનાં ગગજીભાઈ સુતરીયા, નિર્દોષાનંદ હોસ્પિટલ ટીંબીનાં પ્રમુખ ડો. નટુભાઈ રાજપરા, સેક્રેટરી બી.એલ. રાજપરા, મુખ્ય દાતા ઉદ્યોગપતિ–વેપારી મધુભાઈ ધડુક, મધુભાઈ રામાણી, બાબુભાઈ સાવલીયા, એસ.પી.સી.એસ.નાં રાલે પ્રમુખ જયદેવ પટેલ, સમાજ અગ્રણી શંભુભાઈ દેસાઈ, નોર્થ કેરોલીનાનાં ગવર્નર, રાલેનાં મેયર, ધારાસભ્ય તથા સમગ્ર યુ.એસ.એ.માંથી પટેલ સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

### ગુજરાતમાં સારી શરૂઆત બાદ વરસાદનો વિરામ

# રાજ્યમાં આગામી પાંચ દિવસમાં ચોમાસુ ફરીવાર જમાવટ કરશે

## આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષીણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ અને સમગ્ર ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદ વરસી શકે છે

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં ચોમાસાની સારી શરૂઆત થાય બાદ હાલ વરસાદે વિરામ લીધો છે. ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ફરી ચોમાસુ જામવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષીણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. સાથે સમગ્ર ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદની વરસી શકે છે. નોંધનીય છે કે ગુજરાતમાં અત્યાર સુધી જેટલો વરસાદ થવો જોઈએ તેનાથી વધુ વરસાદ વરસી ચુક્યો છે.

સુરત શહેરમાં વરસાદનો બીજો રાઉન્ડ આજથી જ શરુ થઈ ગયો છે. આજે વહેલી સવારે શહેરમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. સુરત શહેરમાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગઈકાલે બપોર બાદથી સુરતમાં ઉકળાટ ભર્યું વાતાવરણ હતું આજે વહેલી સવારે વીજળીના ચમકારા સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. જેને કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ છે.

હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે અને તોફાની વરસાદ થવાની શક્યતાઓ છે. આ ઉપરાંત ગુજરાતભરમાં હળવાથી સામાન્ય વરસાદ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આજે પણ કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે. કચ્છમાં પણ ભારેથી અતિ ભારે અને અતિથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ૭મી અને ૮મી જુલાઈના રોજ સૈથી વધુ વરસાદ વરસી શકે છે. ૭મીએ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદ થઈ શકે છે. ૮મી જુલાઈના રોજ ઉત્તર ગુજરાત તથા ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાંચ દિવસ નાતે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. માંડવી, મુંદ્રા, ન્યૂ કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખા, પોરબંદર, દ્વારકા, વેરાવળ, દીવ, પીપાવાવ, વિક્ટર, ભાવનગર, અલંગ, ભરૂચ, દહેજ, મગદલ્લા, દમણના માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદની શક્યતાઓ છે. અમદાવાદમાં ૭મી અને ૮મી તારીખ દરમિયાન ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. બે દિવસથી અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારમાં વરસાદે વિરામ લીધો છે. ધોધમાર વરસાદથી અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા હોવાથી છતાં મંગળવારે વાતાવરણમાં બફારો અને ઉકળાટ વધતાં લોકો તોબાહ પોકારી ઊઠયાં હતા. અસહ્ય ઉકળાટના કારણે શહેરીજનો બપોર અને સાંજના સમયે પરસેવે રેબઝેબ થયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી આસપાર અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી આસપાસ નોંધાયું હતું.

વરસાદી માહોલના કારણે રાજયનાં મોટાભાગના શહેરોનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી નીચે અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રીથી નીચે આવી ગયું હતું. અમદાવાદ શહેરમાં બે દિવસથી વરસાદે વિરામ લીધો છે પરંતુ વાતાવરણમાં હજુ ભેજનું પ્રમાણ યથાવત્ છે. તાપમાનનો પારો ગગડતાં કાળઝાળ ગરમી ઘટી ગઈ હતી. પરંતુ બફારો અને ઉકળાટ વધતાં લોકોના શરીર પરથી પરસેવાના રેલા ઉતરવા લાગ્યાં હતા.

ધોધમાર વરસાદ પડવા છતાં ઉકળાટના કારણે લોકો પંખાનો સતત ઉપયોગ કરી રહ્યાં છે. બીજી તરફ રાજ્ય હવામાન વિભાગે શુક્રવારે શહેરમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડવાની આગાહી કરાઈ હોવાથી જ્યાં સુધી વરસાદ પડશે નહીં ત્યાં સુધી ઉકળાટમાં સતત વધારો થશે. વરસાદના આગમન પહેલાનો બફારો લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

### આયુષ્માન કાર્ડ ધારકો માટે આવ્યા ખુશ ખબર

# સરકાર હવે સારવાર માટે ૫ લાખને બદલે ૧૦ લાખ આપશે

## ખાનગી હોસ્પિટલ મળી કુલ ૨૮૪૦ હોસ્પિટલ આયુષ્માન કાર્ડ ધારકોની સેવામાં ઉપલબ્ધ છે, નિયત કરેલ પ્રોસિજરોની સેવાઓ નિઃશુલ્ક છે

ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકાર દ્વારા આજની કેબિનેટ બેઠક બાદ અનેક મહત્વના નિર્ણયો લેવાયા છે. જે અંતર્ગત મોટો નિર્ણય એ છે કે, ૧૧ જુલાઈથી આરોગ્યવીમા કવચ ૧૦ લાખનું થશે. PMJAY-મા યોજના અંતર્ગત તા.૧૧ જુલાઈથી રાજયના નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધીનું આરોગ્ય વીમા કવચ મળશે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જાહેરાત કરી કે, હાલ રાજ્યમાં ૧.૭૮ કરોડ આયુષ્માન કાર્ડ ધારકો છે. રાજ્યમાં ૨૦૪૫ સરકારી અને ૭૯૫ ખાનગી હોસ્પિટલ મળી કુલ ૨૮૪૦ હોસ્પિટલ આયુષ્માન કાર્ડ ધારકોની સેવામાં ઉપલબ્ધ છે. નિયત કરેલ પ્રોસિજરોની સેવાઓ નિઃશુલ્ક છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના ગરીબ અને મધ્યવર્ગીય પરિવારજનો માટે શરૂ કરેલી આયુષ્માન યોજના આજે દેશના અનેક પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ત્યારે ગુજરાતમાં પણ વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કુલ ૧.૭૮ કરોડ લાભાર્થીઓએ આયુષ્માન કાર્ડ કઢાવીને આરોગ્ય વીમા કવચનો લાભ મેળવ્યો છે.

મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના તમામ રજીસ્ટર્ડ અને જરૂરીયાતમંદ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડથી લાભાન્વિત કરવાના સઘન પ્રયાસો હાથ ધરવામા આવ્યા છે. જેના પરિણામ સ્વરૂપે ખૂબ મોટી સંખ્યામાં એટલે કે ૧.૭૮ કરોડ ગુજરાતમાં લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ પ્રાપ્ત થયું છે. હાલ ગુજરાતમાં ૨૦૪૫ સરકારી અને ૭૯૫ ખાનગી મળી કુલ ૨૮૪૦ જેટલી હોસ્પિટલ આયુષ્માન કાર્ડ અંતર્ગત એમ્પેનલ્ડ છે અને નિયત કરેલ પ્રોસિજરોની સેવાઓ નિઃશુલ્કપણે ઉપલબ્ધ બની છે.

રાજ્યનો કોઈપણ ગરીબ કે મધ્યમ વર્ગીય પરિવાર એકાએક આવી પડેલી આકસ્મિક બીમારીના સારવાર ખર્ચના કારણે દેવાદાર ન બને તેની ચિંતા રાજ્ય સરકારે કરીને આયુષ્માન કાર્ડથી મહત્તમ લોકોને લાભાન્વિત કરવાનું સુદ્રઢ આયોજન હાથ ધર્યું છે.

મંત્રીએ ઉમેર્યુ કે, આયુષ્માન કાર્ડ અંતર્ગત દાવા નોંધણીના કિસ્સામાં ગુજરાતમાં અંદાજીત ૩૯ લાખ જેટલા ક્લેમ્સ (દાવા) આયુષ્માન કાર્ડ અંતર્ગત નોંધવામાં આવ્યા છે(વર્ષ ૨૦૧૮ થી તા. ૨૬.૦૬.૨૩ સુધી).આ સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં પાંચમાં ક્રમાંકે છે. જ્યારે અત્યાર સુધીમાં દાવાઓની રકમની દ્રષ્ટિએ રૂ. ૮,૦૮૧ કરોડની રકમના દાવા નોંધણી સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે.

નોંધનીય બાબત છે કે, પ્રવર્તમાન વર્ષમાં રૂ.૨૮૦૦ કરોડની રકમના ક્લેમ(દાવા)ની નોંધણી થયેલ છે. જે આગામી વર્ષમાં અંદાજીત રૂ.૩૫૦૦ કરોડ રકમના ક્લેમ(દાવા)ની નોંધણી થવાનો અંદાજ છે.

### સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શરૂઆત

# ગીર-સોમનાથમાં ઉના શહેર અને આસપાસના વિસ્તારોમાં વરસાદ

## બે દિવસના વિરામ બાદ વરસાદ પડ્યો છે, ભારે બફારા બાદ વરસાદનું આગમન થતાં લોકોને ગરમીથી રાહત મળી છે

ગીર-સોમનાથ, તા.૫

ગુજરાતમાં ચોમાસાના બીજા રાઉન્ડમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શરૂઆત થઈ છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.જેમાં બે દિવસના વિરામ બાદ વરસાદ પડ્યો છે. ભારે બફારા બાદ વરસાદનું આગમન થતાં લોકોને ગરમીથી રાહત મળી છે.હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ રહે તેવી સંભાવના છે. તો આવતી કાલેથી રાજ્યમાં ભારે થી અતિ ભારે વરસાદની શરુઆત થાય તેવી સંભાવના છે. ૭ જુલાઈ એ સમગ્ર રાજ્યમાં અત્યંત ભારે વરસાદ રહે તેવી સંભાવના છે.

### છ વડાપ્રધાન સાથે કર્યું કામ

# પાસવાન સરકારી નોકરી છોડી પોતે બની ગયા સરકાર

નવી દિલ્હી, તા.૫

૫ જૂલાઈ એ લોક જનશક્તિ પાર્ટીના સ્થાપક અને દિવંગત ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનની જન્મજયંતિ છે. દેશના અગ્રણી દલિત નેતાઓમાં તેમનું નામ સામેલ હતું. તેઓ એવા નેતા હતા જેમણે સરકારી નોકરી છોડીને 'સરકાર' બનવાનું નક્કી કર્યું. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે એકવાર કટાક્ષમાં રામવિલાસ પાસવાનને 'રાજનીતિના હવામાનશાસ્ત્રી' કહ્યા હતા, ત્યારપછી આ ટેગ તેમની સાથે જ રહ્યું હતું.

૨૦૦૯ની લોકસભા ચૂંટણીના લગભગ ત્રણ મહિના પહેલા તત્કાલિન કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાને RJDના વડા લાલુ પ્રસાદ યાદવને બિહારમાં કોંગ્રેસને કેટલીક વધુ બેઠકો આપવાનું સૂચન કર્યું હતું. તેમને ડર હતો કે જો આમ નહીં થાય તો યુપીએમાંથી બહાર ફેંકાઈ જવાનો ખતરો છે. તે સમયે લાલુ પ્રસાદ યાદવ યુપીએ-૧ સરકારમાં રેલવે મંત્રી હતા. લાલુ યાદવે તેમના કેબિનેટ સહયોગી રામવિલાસ પાસવાનના સૂચન પર ધ્યાન આપ્યું ન હતું. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે લાલુ યાદવની આરજેડીને ભારે નુકસાન થયું હતું. રામવિલાસ પાસવાન પણ હાજીપુરથી હારી ગયા હતા. પાસવાનની આગાહી મુજબ કોંગ્રેસ સતત બીજી વખત સત્તામાં આવી હતી. ત્યારથી લાલુ યાદવે રામવિલાસ પાસવાનને હવામાનશાસ્ત્રી કહેવાનું શરૂ કર્યું હતું, જેનો અર્થ એ થયો કે પાસવાનને અગાઉ ખ્યાલ આવી જતો હતો રાજકારણમાં કઈ રીતે પવન ફૂંકાઈ રહ્યો છે.

લાલુ યાદવે પણ ખાનગીમાં સ્વીકાર્યું હતું કે પાસવાનના સૂચનને ના માનવું એ તેમની સૌથી મોટી રાજકીય ભૂલોમાંની એક હતી કારણ કે આરજેડીને યુપીએમાંથી બહાર ફેંકી દેવામાં આવી હતી અને ૨૦૧૩માં આરજેડીના વડાને જેલમાં જવું પડ્યું હતું.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં રામવિલાસ પાસવાન, તેમના પુત્ર ચિરાગ પાસવાન એ છ એલજેપી સાંસદોમાં સામેલ હતા જેઓ મોદી લહેરમાં જીત્યા હતા. રામવિલાસ પાસવાન એકમાત્ર એવા કેન્દ્રીય મંત્રી હતા જેમણે છ વડાપ્રધાનો સાથે કામ કર્યું હતું. ૨૦૧૪માં મોદી સરકારમાં જોડાતા પહેલા પાસવાને વીપી સિંહ, એચડી દેવગૌડા, ઈન્દ્ર કુમાર ગુજરાલ, અટલ બિહારી વાજપેયી અને મનમોહન સિંહની સરકારમાં કામ કર્યું છે.

### સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આપી માહિતી

# બિપોરજોયના નુકસાન સામે ૧૧.૬૦ કરોડની સહાય ચૂકવાઈ

અમદાવાદ, તા.૫

કુદરતી આફતોમાં રાજ્ય સરકાર ઝીરો કેઝ્યુલીટીના ધ્યેયમંત્ર સાથે અસરકારક કામગીરી કરતી આવી છે ત્યારે આવી ઘટનાઓ દરમિયાન રાજ્યના નાગરિકને સહેજ પણ આર્થિક કે શારિરીક નુકશાન થાય તેવા તમામ કિસ્સામાં તેની પડખે રાજ્ય સરકાર ઉભી રહી છે.

તાજેતરમાં ગુજરાતમાંથી પસાર થયેલા બિપોરજોય વાવાઝોડાથી ગુજરાતના જે ૧૦ અસરગ્રસ્ત જિલ્લાઓમાં નુકસાન થયું હતું તેવા કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, મોરબી, રાજકોટ, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજીત કુલ રૂ.૧૧.૬૦ કરોડની ત્વરીત નુકસાન વળતર સહાય ચુકવી દેવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રાજ્ય સરકાર દ્વારા ચૂકવાયેલ ત્વરિત સહાયની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, કેશડોલ્સના ૧,૧૨,૬૫૩ કેસોમાં રૂ.૩.૫૨ કરોડની સહાય, ઘરવખરીના ૩૯૫ કેસોમાં રૂ.૨૦.૨૭ લાખની સહાય, પશુ સહાયના ૨૮૫૮ કેસોમાં રૂ.૪.૪૧ કરોડની સહાય, આંશિક પાકા મકાન સહાયના ૯૧૪ કેસોમાં રૂ.૧.૧૪ કરોડની સહાય, આંશિક કાચા મકાન સહાયના ૨૧૦૧ કેસોમાં રૂ.૧.૬૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

તદ્ઉપરાંત ઝુંપડા સહાયના ૨૫૭ કેસોમાં રૂ.૨૧.૮૨ લાખની સહાય, મહત્તમ સંપૂર્ણ પાકા મકાનના ૬ કેસોમાં રૂ.૬.૧૦ લાખની સહાય, મહત્તમ સંપૂર્ણ કાચા મકાનના ૨૪ કેસોમાં રૂ.૧૩.૪૦ લાખની સહાય, ઢોરના શેડની સહાયના ૪૩૨ કેસોમાં રૂ.૨૦.૭૭ લાખની સહાય તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આ વાવાઝોડા દરમિયાન ૧૫ વ્યક્તિઓને થયેલી ઈજામાં સારવાર પેટે રૂ. ૭૨ હજાર મળીને કુલ રૂ. ૧૧ કરોડ ૬૦ લાખથી વધુ રકમની સહાય ચુકવવામાં આવી હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.

### કેન્દ્રીય કેબિનેટનો મહત્વપૂર્ણ નિર્ણય

# પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલને કેન્દ્રીય કેબિનેટની લીલી ઝંડી

નવી દિલ્હી, તા.૫

આજે યોજાયેલ કેબિનેટ બેઠકમાંથી એક મોટા સમાચાર આવી રહ્યા છે.

કેન્દ્રીય કેબિનેટે પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલને લીલી ઝંડી આપી દીધી છે. અહેવાલો અનુસાર, કેબિનેટે આ અંગે પોતાની સંમતિ આપી દીધી છે. પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલને સંસદમાં ચોમાસુ સત્રમાં લાવવામાં આવી શકે છે. કેન્દ્રએ ગયા વર્ષે નવેમ્બરમાં ડ્રાફ્ટ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ પ્રકાશિત કર્યું હતું.

ઘણા સમયથી આની રાહ જોવાઈ રહી હતી. આ બિલનું અગત્યનું સંસ્કરણ વ્યક્તિગત ડેટા પર કેન્દ્રિત છે. આમાં, બિન-વ્યક્તિગત ડેટાના ઉપયોગને નિયંત્રિત કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ ગઈ છે. આ સંસ્કરણ જણાવે છે કે, ડેટા ફિડ્યુસિયરી ચાઈલ્ડ ટ્રેકિંગ અથવા વર્તણૂકીય દેખરેખ અને બાળકોને નિર્દેશિત જાહેરાતમાં સામેલ થશે નહીં. જો આ સૂચનાનું પાલન કરવામાં આવશે નહિ તો ૫૦૦ કરોડ રૂપિયા સુધીનો દંડ ફટકારવાની જોગવાઈ છે.

# મોંઘવારીને લઈને રાજકોટમાં મહિલા કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ

રાજકોટ, તા.૫

રાજકોટમાં મોંઘવારીને લઈને મહિલા કોંગ્રેસ દ્વારા અનોખી રીતે વિરોધ દર્શાવવામાં આવ્યો છે. મહિલા કોંગ્રેસ દ્વારા વધતા જતા ટામેટા, મરચા અને ફલાવર સહિતના શાકભાજીના ભાવ વધારાનો વિરોધ કરવામાં આવ્યો છે.

પેટ્રોલ અને કઠોળમાં ભાવ વધારાનો પણ વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. સાથે જ ટામેટા અને આદુ લઈને કોંગ્રેસની મહિલા કાર્યકરો અને આગેવાનોએ અનોખી રીતે વિરોધ કરવામાં આવ્યો હતો. મહિલા કોંગ્રેસે રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચીને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. મોંઘવારીમાં પ્રજાનું જીવવું મુશ્કેલ બન્યુ હોવાની રજૂઆત કરવામાં આવી હતી. સાથે જ ભાવ ઘટાડો કરવાની સરકાર સમક્ષ માગ કરી હતી.

### નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના બંને જૂથોનું શક્તિ પ્રદર્શન

# અજિત પવારને પાર્ટીના રાષ્ટ્રીય નેતા જાહેર કરાયા

## અજીત પવાર સરકારમાં જોડાવાથી ઊભી થયેલી કટોકટીનો સામનો કરવા માટે કાયદાકીય અભિપ્રાય લઈ રહ્યા છે

મુંબઈ, તા.૫

નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના બંને જૂથો આજે શક્તિ પ્રદર્શન ચાલી રહ્યું છે. એનસીપીના વડા શરદ પવાર દ્વારા ધારાસભ્યોને બેઠકમાં હાજરી આપવા માટે વ્હીપ જાહેર કરી હતી. શરદ પવારે પોતે ધારાસભ્યોને ફોન કરી બોલાવ્યા હતા. તે જ સમયે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનો જૂથ એનસીપીના ૫૮ માંથી ૪૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કરી રહ્યો હતા. જેને લઈ શરદ પવાર જૂથ ચિંતિત દેખાઈ રહ્યું છે. હાલ આ બંને બેઠક વચ્ચે સમીકરણ ચાલી રહ્યું છે જોવાનું રહેશે કે કાકા-ભત્રીજા વચ્ચેની લડાઈમાં કોને બાજી મારી છે.

અજિત પવારે પોતાના સમર્થકોને સંબોધતા કહ્યું કે, અમે આ પગલું કેમ ભર્યું? આ એક મોટો પ્રશ્ન છે. શરદ પવાર આપણા નેતા અને ગુરુ છે. તેમાં કોઈ સંદેહ નથી. પરંતુ આજે દેશમાં જે પ્રકારનું રાજકારણ ચાલી રહ્યું છે, તે જોવાની જરૂર છે. અમે એસસી, એસટી, ઓબીસી, લઘુમતીઓ માટે કામ કરવા માંગીએ છીએ. તેમના માટે કામ કરવાનું અમારું સપનું છે. તેઓ સીએમ કેવી રીતે બન્યા? ત્યારે પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. વસંતદાદા પાટીલની સરકાર. પતન થયું અને શરદ પવારે પુલોદની રચના કરી અને ૧૯૭૮માં મુખ્યમંત્રી બન્યા.

બાંદ્રાના મુંબઈ એજ્યુકેશન ટ્રસ્ટ કેમ્પસમાં અજિત પવાર શિબિરની બેઠકમાં અજિત પવારને પાર્ટીના રાષ્ટ્રીય નેતા જાહેર કરવામાં આવ્યા છે.

અજિત પવારની મીટિંગમાં અત્યાર સુધી ૩૫ ધારાસભ્યો પહોંચ્યા હતા. તે જ સમયે, મુંબઈના વાયબી ચવ્હાણ સેન્ટરમાં શરદ પવારની આગેવાની હેઠળની બેઠકમાં કુલ ૧૪ ધારાસભ્યો, ૩ એમએલસી અને ૪ સાંસદો હાજર હતા. એનસીપીપાસે કુલ ૫૩ ધારાસભ્યો છે.

અજિત પવારને પક્ષપલટા વિરોધી કાયદાથી બચવા માટે બે તૃતીયાંશ એટલે કે ૩૬ ધારાસભ્યોના સમર્થનની જરૂર છે. આવી સ્થિતિમાં, બાકીના ૫ ધારાસભ્યો કયા જૂથની બેઠકમાં હાજરી આપે છે તે જોવું રસપ્રદ રહેશે. શરદ પવાર જૂથે દક્ષિણ મુંબઈમાં યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે પક્ષના ધારાસભ્યો સહિત રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરના પદાધિકારીઓની બેઠક બોલાવી છે, જ્યારે અજિત જૂથે બાંદ્રામાં એમઈટીસંકુલમાં બેઠક બોલાવી છે. જિતેન્દ્ર આવ્હાડે શરદ પવારના જૂથ વતી વ્હીપ જાહેર કર્યું હતું. તેમણે જણાવ્યું કે, શરદ પવારે બુધવારે બપોરે ૧ વાગે બેઠક બોલાવી છે. બેઠકમાં તમામ ધારાસભ્યો હાજર રહે તે જરૂરી છે. બીજી તરફ, અજિત પવાર જૂથ વતી સુનીલ તટકરે બેઠકની અધ્યક્ષતા કરશે, જેના માટે શિવાજીરાવ ગર્જેએ બેઠક બોલાવી છે.

શરદ પવારની કડક સૂચના પછી પણ શરદ પવારની તસવીરને મહત્વ આપવામાં આવ્યું છે. અજિત પવાર કેમ્પની સભા માટેનું સ્ટેજ તૈયાર છે, જેમાં શરદ પવારની તસવીર ચોંટાડવામાં આવી હતી. અજિત પવાર સાથે કેટલા ધારાસભ્યો છે તેનું ચિત્ર હવે પછી સ્પષ્ટ થશે. અજિત પવાર પણ શિંદે-ફડણવીસ સરકારમાં જોડાવાથી ઊભી થયેલી કટોકટીનો સામનો કરવા કાયદાકીય અભિપ્રાય લઈ રહ્યા છે. એનસીપીના રાષ્ટ્રીય પ્રવક્તા ક્લાઈડ ક્રેસ્ટોએ જણાવ્યું હતું કે, પવાર સોમવારે રાત્રે સાતારાથી પરત ફર્યા બાદ વર્તમાન રાજકીય ઘટનાક્રમનો સામનો કેવી રીતે કરવો તે અંગે કાયદાકીય નિષ્ણાતો સાથે સતત ચર્ચા કરી હતી.

### કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક દાખલ કરાશે

# ચાર વર્ષે ડીગ્રી બાદ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી માટે માત્ર એક વર્ષનો અભ્યાસ

## પ્રતિ સેમેસ્ટર ૨૨ ક્રેડીટ : વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અંતે કુલ ૧૩૨ અને ચાર વર્ષના અંતે કુલ ૧૭૬ ક્રેડીટ પ્રાપ્ત કરી શકશે

ગાંધીનગર, તા.૫

નવી શિક્ષણ નીતિ અંતર્ગત ગુજરાતની તમામ ખાનગી અને સરકારી યુનિવર્સિટી, કોલેજ તથા માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક દાખલ કરવા સંદર્ભે આજે કેબિનેટ બેઠકમાં રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કની અમલવારી થકી ૧૫મી જૂન ૨૦૨૩થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને લાભ થશે.

શિક્ષણ વિભાગ દ્વારા આ સંદર્ભે વિસ્તૃત ઠરાવ બહાર પાડવામાં આવશે. જેનો રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજીયાતપણે કરવાનો રહેશે. હવેથી જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/રીસર્ચ ડીગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી માટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે.

ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, એનઈપી-૨૦૨૦ની વિવિધ જોગવાઈઓમાંથી એક કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કને સુદ્રઢ બનાવવા આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રતિ સેમેસ્ટર ૨૨ ક્રેડીટનું માળખું નક્કી કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અંતે કુલ ૧૩૨ અને ચાર વર્ષના અંતે કુલ ૧૭૬ ક્રેડીટ પ્રાપ્ત કરી શકશે.

આ સંદર્ભનો ડ્રાફટ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ કોલેજો/ વાઈસ ચાન્સેલરઓ/ આચાર્યઓ/ અધ્યાપકઓ/ અન્ય તમામ પ્રજાજનો માટે વિવિધ શૈક્ષણિક સંગઠનો અને વિદ્યાર્થી સંગઠનો સમક્ષ સરકારના શિક્ષણ વિભાગ માટે જાહેરમાં મુકવામાં આવ્યો હતો. જેમાં ૪૭ સ્ટેકહોલ્ડર્સ પાસેથી કુલ ૧૯૭ સૂચનો પ્રાપ્ત થયા છે. જેને ધ્યાને લેતાં કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ આખરી કરવામાં આવ્યો છે. તમામ સૂચનો ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે. ત્યારબાદ તેના અમલીકરણ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર પણ જાહેર કરવામાં આવશે. જેનો અમલ ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજીયાતપણે કરવાનો રહેશે.

તેમણે ઉમેર્યુ કે, યુજી સર્ટીફીકેટ, યુજી ડીપ્લોમા, ત્રણ વર્ષનો ડીગ્રી પ્રોગ્રામ જેમાં સ્નાતક કક્ષાની ડીગ્રી, સ્નાતક કક્ષાની ઓનર્સ, તથા સ્નાતક રીસર્ચ કક્ષાની ડીગ્રીઓ, એનાયત કરવામાં આવશે. આ માળખામાં મેજર (કોર) મુખ્ય પાઠ્યક્રમ રહેશે. ગૌણ વિષયમાં માઈનર ઈલેકટીવ, મલ્ટીડિસિપ્લીનરી (બહુવિદ્યાશાખાકીય), સંલગ્ન સબંધિત કોર્સિસનું બાસ્કેટ પણ રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થી સમર ઈન્ટર્નશિપ કોર્સિસથી ૪ ક્રેડિટ પ્રાપ્ત કરી શકશે.

વિદ્યાર્થી ત્રણ વર્ષ પછી સ્નાતક, ચાર વર્ષના અભ્યાસ પછી સ્નાતક ઓનર્સ અથવા સ્નાતક ઓનર્સ વિથ રીસર્ચની ડીગ્રી નિયત ક્રેડીટ પ્રાપ્ત થતાં મેળવી શકશે. જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/ રીસર્ચ ડીગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી માટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે. વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રેડિટ અને અભ્યાસક્રમ માળખું (એઆઈસીટીઈ, પીસીઆઈ, બીસીઆઈ, સીઓએ, એનસીટીઈ, વગેરે દ્વારા નિયંત્રિત સિવાયના અભ્યાસક્રમો) માટે લાગુ કરવાનું રહેશે. જયારે ચોથા વર્ષનો ઓનર્સ/ઓનર્સ વિથ રીસર્ચ પ્રોગ્રામ (લેવલ-૦૬) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી લાગુ થશે. અત્યારે કોલેજ/ યુનિવર્સિટીઓમાં વિષયનાં જે માળખાં છે, તે વિદ્યાર્થીને નિયત સ્વરૂપમાં જ પસંદગી આપે છે, નવી શિક્ષણનીતિમાં આ મર્યાદાઓ દૂર થાય છે અને વિદ્યાર્થી પોતાની પસંદગી અનુસાર વિવિધ વિષયો નિયત બાસ્કેટમાંથી કે અન્ય યુનિવર્સિટીના વિષયોના બાસ્કેટમાંથી પસંદગી કરી શકશે. એટલું જ નહિ, કોઈપણ વિદ્યાર્થી એન્ટ્રી/ એક્ઝીટ દરમિયાન અભ્યાસના પ્રથમ વર્ષને અંતે નિયત ક્રેડીટ/ સ્કિલના આધારે સર્ટીફિકેટ, બીજા વર્ષને અંતે ડીપ્લોમા પ્રાપ્ત કરી સંજોગો અનુસાર રોજગારી માટે જઈ શકશે અને ફરી નિયત સમય મર્યાદામાં પુનઃ અભ્યાસ માટે પરત આવી શકશે.

### રાજ્યના વિદ્યાસહાયકો માટે સારા સમાચાર

# ૫ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય તે શિક્ષકો બદલી માટે અરજી કરી શકશે

## અગાઉ ૧૦ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરી હોય તેવા શિક્ષકોને જ લાભ મળતો હતો

અમદાવાદ, તા.૫

રાજ્યના વિદ્યાસહાયકો માટે મહત્વના સમાચાર સામે આવ્યો છે. અત્રે જણાવી દઈએ કે, વિદ્યાસહાયકો પણ હવે આંતરિક બદલી કેમ્પનો લાભ લઈ શકશે. જેમને ૫ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય તે શિક્ષકો બદલી માટે અરજી કરી શકશે. ખાસ વાત એ છે કે, અગાઉ ૧૦ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરી હોય તેવા શિક્ષકોને જ લાભ મળતો હતો. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ શિક્ષણ વિભાગે સુધારા સાથે પરિપત્રમાં બહાર પાડ્યો છે. લાંબા વિવાદ બાદ થોડા સમય અગાઉ જ બદલી મુદ્દે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા જે બાદ પ્રથમવાર નવા નિયમો આધિન જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ તારીખ ૦૨ જૂનથી ૧ જુલાઈ ૨૦૨૩ સુધી યોજાયો હતો. શિક્ષકોની બદલીને લઈ જુદા જદા ત્રણ તબક્કામાં બદલી કેમ્પ યોજાવાના છે જેમાં પ્રથમ તબક્કાનો બદલી કાર્યક્રમ યોજાઈ ગયો છે.

# ઈનરવ્હીલ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



૧ જુલાઈ શનિવારે ડોક્ટર્સ ડે નિમિત્તે ઈનરવ્હીલ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા અમરેલી ખાતે ગાયત્રી મંદિર આયુર્વેદિક હોસ્પિટલ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ડો. જાગૃતિ ચાંડપા, ડો. અંકિત ગાબાણી, ડો. નિત ચોટાઈ, ડો. પૂજા ચોટાઈ, ડો. અવની ઘેલાણી તથા ડો. કલ્પેશ વઘાસીયા વિગેરેએ સેવા આપી હતી. ૨૦૦ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો. આ કેમ્પને સફળ બનાવવા માટે ડો. ચંદ્રેશ ખુંટ અને ડો. ભાવેશ મહેતાનો ઈનરવ્હીલ કલબે આભાર માન્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલુ અમરેલીને ''૯ સાલ બેમિસાલ''માં

વિકાસની ''લાઈફલાઈન'' ગણાતી પરિવહન સુવિધા અને તેમાં પણ રેલ્વે સુવિધા વગર જિલ્લાનો વિકાસ કરવો સંભવ થતો નથી. રેલ્વે સહિતની પરિવહન સુવિધા ન ઉભી થાય ત્યાં સુધી જિલ્લાનો સર્વાંગી વિકાસ શકય જ નથી. છતાં પણ નપાણીયા નેતાઓ દિલ્હી દરબારમાં અમરેલીને બ્રોડગેજ રેલ્વે આપવાની માંગ કરતા નથી. માત્ર આજીજી રવાની કયારેય કોઈ સરકાર કાંઈ પણ આપે નહી તે બાબત તેઓ સમજી શકતા નથી. તેના લીધે અમરેલીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી નથી આનાથી દુ:ખદાયક બાબત બીજી શી હોય શકે.

**નામ બદલાવેલ છે**

હું જાહેર કરવા માંગુ છું કે હાલમાં મારા પાસપોર્ટમાં મારૂ નામ **પટોળીયા મિતલબેન ગાંડુભાઈ** લખેલ છે, જેને હું **રીબડીયા મિતલ કુણાલ** તરીકે બદલવા માંગુ છું, અને આમ કરવા માટે મારી પાસે બે માન્ય આઈડી પ્રુફ છે, એટલે કે મારૂ આધાર કાર્ડ અને મારૂ પાન કાર્ડ.

સરનામું : ગોકુલપરા, સરદાર ચોક, બગસરા, અમરેલી, ગુજરાત : ૩૬૫૪૪૦.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયાથી ખડખડ સુધીનો માર્ગ

આ રસ્તો ધોવાયો છે. ત્યારે વરસાદે તંત્રના ભ્રસ્તાચારને ઉજાગર કર્યો હોય તેવા દ્રશ્યોનું નિર્માણ થયુ છે.

આ બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તો ચોક્કસ ભ્રષ્ટાચારીઓને પકડી શકાય આ બાબતે યોગ્ય તપાસ થાય અને રસ્તો વહેલી તકે રિપેર કરવા સ્થાનિકોની માંગ ઉઠી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીના સોનારીયામાં વીજળી પડતા

ગામે રહેતા બાલાભાઈ કરશનભાઈ વાઘેલા ખેત મજુરી કામ કરીને પરીવારનું ભરણ પોષણ કરતા હોય આજે મજુરી કામ કરી ઘર આવી રહ્યા હતા તે દરમિયાન બાલાભાઈ વાઘેલા અને ૧૦ વર્ષની માહી મનુભાઈ વાઘેલા દાદા દીકરી જાપા પાસે ઉભા હતા તે દરમિયાન વિજળી પડતા બાલાભાઈ કરશનભાઈ વાઘેલા (ઉ.વ. ૪૫)નું મોત થયુ હતું અને માહી મનુભાઈ વાઘેલાનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાને લઈને સોનારીયા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. મુતકના મૃતદેહને પીએમ માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાની સુરવો નદી ઉપરનાં

આ ચેકડેમ ખેડૂતોને પિયત માટે અત્યંત ઉપયોગી હોવા છતાં તંત્રની લાપરવાહીને કારણે એક ગાબડું અગાઉ પાંચેક વર્ષથી પડેલ હતું તે ગાબડાંમાંથી તો પાણી વેડફાટ થતું જ હતું પણ આ ચોમાસાના પ્રારંભે જ ચિક્કાર ભરાઈ જતાં આ ચેકડેમમાં બીજું મોટું ગાબડું પડતા આ વર્ષે ચેકડેમ ખાલીખમ થઈ ગયો છે.

વહીવટી તંત્ર અગાઉ કોઈ પણ પ્રકારની કામગીરી નહી કરતા ફરીવાર ચેકડેમમાં મસમોટું ગાબડું પડતાં જળસંગ્રહ થયેલ પાણીનો જથ્થો વહી ગયો હતો. અને સારો વરસાદ પડવા છતાં ચેકડેમ ખાલીખમ થઈ જવા પામ્યો છે અને લાખો લીટર પાણીનો ચેકડેમમાંથી વેડફાટ થઈ જતાં જગતના તાતને પાણીના સ્તર નીચે આવી જશે જે આગામી ઉનાળ પાકમાં પણ નુકશાની જવાની શકયતાઓ વચ્ચે પૂર્વ સરપંચ દ્વારા સરકારમાં વિનંતી કરીને ગાબડુ પુરાઈને જળ સંગ્રહ વધે તેવી માંગણી કરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું મધ્યપ્રદેશનમાં આદિવાસી યુવક પર

પેશાબ કરનાર ભાજપ નેતાને દાખલારૂપ સજા આપવા માંગ કરેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ વીડિયોમાં એક ત્રાહિત વ્યકિત એક ગરીબ માસૂમ યુવાન પર પેશાબ કરી રહ્યો હોય અને આ ત્રાહિત વ્યકિતનાં મળતિયાયે વિડીયો બનાવ્યો હોય એવું દેખાય છે. આ ઘટનાને સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો છે અને સૌ દુખી થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ ત્રાહિત વ્યકિત ભાજપનો પદાધિકારી કે કાર્યકર્તા હોઈ અને પિડીત વ્યકિત આદીવાસી સમાજનો હોવાની જાણકારી મળી હતી.

આ ઘટના સમગ્ર માનવ સભ્યતાને શરમાવે તેવી હિન ઘટના છે. આવા હિન કૃત્યો કરવાની ભાજપનાં કાર્યકર્તાઓને હિંમત કયાંથી મળે છે ? આવા લોકોને દાખલારૂપ સજા થવી જોઈએ તેવી માંગ આમ આદમી પાર્ટીએ કરી છે. સત્તા પક્ષનાં કાર્યકરને જો દાખલારૂપ સજા ઝડપથી થાય તો ભવિષ્યમાં આવું કૃત્ય કરવાની હિંમત કોઈપણ વ્યકિત કરે નહી. તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ''આપ''માં મોહભંગ થતાં

મુશ્કેલ થઈ રહ્યું છે. રાજયમાં વારંવાર બ્રીજ–પુલ તુટવાની ઘટનાઓ બને પરંતુ કયાંય કમલમ કાર્યાલય તુટયું હોય તેમ જણાતું નથી. દૂધમાં સાકર ભળે અને મીઠાશ વધે તેમ આપ પાર્ટીનાં આગેવાન–કાર્યકરો આવવાથી કોંગ્રેસ વધુ મજબૂત બનશે. કોંગ્રેસ પક્ષની વિચારધારા સૌને સાથે લઈને ચાલવામાં માનનારી છે. કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે ત્યારે કોંગ્રેસ પરિવારમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ મનોજ ભૂપતાણી, રમેશ વોરા–ઉપપ્રમુખ, અમદાવાદ શહેર, એસ.કે. પારગી–મંત્રી અમદાવાદ શહેર, અજય ચૌબે–પૂર્વ લોકસભા પ્રભારી, નેહલ દવે–મીડીયા વિભાગ, પ્રદેશ પ્રવકતા પરાગ પંચાલ સહિત મોટી સંખ્યામાં પ્રદેશના હોદેદારો, આગેવાનો તથા કાર્યકરો કોંગ્રેસ પક્ષમાં વિધીવત રીત જોડાયા છે તેઓને આવકારૂ છું. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં જયારે થોડો સમય બાકી છે ત્યારે અમદાવાદ સહિતના વિસ્તારમાંથી ૧૦૦થી વધુ કાર્યકર્તા જોડાતા કોંગ્રેસ પક્ષની તાકાતમાં ઉમેરો થશે. ભાજપ સરકારની નીતિ સંગ્રહખોરો–કાળાબજારીયાઓને આશીર્વાદ આપવાની હોવાથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કિંમતો સતત વધી રહી છે. કોંગ્રેસ શાસનમાં ૨૦૧૪માં ૪૧૪ રૂપિયાનો ગેસ સીલીન્ડર મળતો હતો જે આજે ભાજપ સરકારના શાસનમાં ૧૨૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્ય સેવા સતત કથળી રહ્યા છે. શિક્ષણ અતિ મોંઘુ થતું જાય છે, સરકારી ગ્રાન્ટેડ સંસ્થાઓને સતત તોડી નાખવાનું કામ ભાજપ સરકાર કરી હી છે. ત્યારે ગુજરાતના સામાન્ય–મધ્યમવર્ગના પરિવારોને પરવડે તેમ ફીમાં શિક્ષણનો અધિકાર મળે તે માટે કોંગ્રેસ પક્ષ સતત લડાઈ લડી રહ્યું છે. ગુજરાત માટે સેવાના સાધનાના યજ્ઞમાં મોટી સંખ્યામાં જોડાયેલા આગેવાન–કાર્યકર્તાઓનું સૌનું સ્વાગત છે. આગામી સમયમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા સૌ માધ્યમ બનશો.

રાજીવ ગાંધી ભવન ખાતે કાર્યક્રમમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીજીના નેતૃત્વમાં ઐતિહાસિક ભારત જોડો યાત્રાને કારણે કોંગ્રેસ પક્ષે કર્ણાટકમાં જવલંત વિજય મેળવ્યો સાથોસાથ દેશમાં વધી રહેલા નફરત–ઘ્રુણા–દ્રેષના માહોલ સામે પ્રેમ, કરૂણા અને મહોબ્બતનો સંદેશો સમગ્ર વિશ્વને આપ્યો છે. ભાજપની બી–ટીમ તરીકે કામ કરતી આપ પાર્ટીથી મોહભંગ થતાં કોંગ્રેસ પક્ષમાં જોડાયેલા કાર્યકર– આગેવાનોથી વધુ મજબુતીથી ભાજપ સામે લડાઈ લડવામાં કામ કરીશું. દેશમાં લોકશાહી ટકાવવી હોય તો કોંગ્રેસ પક્ષ સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વિધાનસભા કોંગ્રસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, કાર્યકારી પ્રમુખ હિંમતસિંહ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખ બિમલ શાહ, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રદેશ મહામંત્રી નઈમ મિરઝા, સી.એમ. રાજપુત, પ્રવકતા હિરેન બેંકર, અમદાવાદ શહેર પ્રમુખ નિરવ બક્ષી સહિતના આગેવાનો ઉપસ્થિત રહી કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ તમામ આગેવાનો–કાર્યકરોને આવકાર્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા : શ્રીમાળી બ્રાહ્મણ મરણ :** ચંદ્રકાંતભાઈ જીવરામભાઈ ત્રિવેદી (ઉંમર વર્ષ ૭૭ ) તારીખ : ૪/૭/૨૦૨૩ના દેવલોક પામેલ છે. તે ભરતભાઈ જીવરામભાઈ ત્રિવેદીના ભાઈ તથા શેખર દેવેન્દ્રભાઈ ત્રિવેદી, નેહલભાઈ મનુભાઈ ત્રિવેદી, જયકિશન ભરતભાઈ ત્રિવેદીના કાકા થાય તેમજ જયોતિબેન મહાપ્રકાશ ઓઝાના ભાઈનું બેસણું ગુરૂવાર તારીખ : ૬/૭/૨૦૨૩ ના સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે ગાંધી ચોક, મહાલક્ષ્મી મંદિર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ચલાલા :** આજરોજ તા. ૫/૭/૨૦૨૩ને બુધવારનાં રોજ ફાતેમાબેન મુ. અસગરઅલીનું અવસાન ચલાલા મુકામે થયેલ છે. તેઓ સજાઉદીનભાઈ બદરૂદીનભાઈનાં પત્ની તેમજ અબ્બાસભાઈ સજાઉદીનભાઈનાં માતા તથા હસીનાબેન સૈફુદીનભાઈના માતા તેઓના જયારતનાં સીયારા તા. ૭–૭–૨૦૨૩ને શુક્રવારે સવારે ૧૧ વાગ્યે મોહમંદી મસ્જીદ ચલાલા ખાતે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૭૦ | ૧૩૨૯ |
| ૨ | ઘઉં | ૪૩૪ | ૪૩૪ |
| ૩ | ચણા | ૮૦૦ | ૯૦૨ |
| ૪ | શીંગ ફાડા | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૫ | તલ | ૨૫૩૫ | ૨૮૦૦ |
| ૬ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૭ | મગ | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૮ | મકાઈ | ૫૨૬ | ૫૨૬ |
| ૯ | શીંગ દાણા | ૧૫૦૫ | ૧૮૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૦ | ૧૪૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૦ | ૧૫૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૨૧૧૪ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૪૦ | ૧૮૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૧૭૧ |
| ૬ | તલ કાળા | ૧૫૦૦ | ૩૨૦૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૨૦ | ૩૨૬૫ |
| ૮ | બાજરો | ૪૧૫ | ૪૧૫ |
| ૯ | જુવાર | ૭૦૧ | ૧૧૧૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૯૦ | ૫૨૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૬ | ૫૦૧ |
| ૧૨ | મગ | ૧૬૩૫ | ૧૬૮૦ |
| ૧૩ | ચણા | ૬૦૦ | ૯૭૫ |
| ૧૪ | ચણા દેશી | ૯૫૪ | ૧૧૦૦ |
| ૧૫ | તુવેર | ૭૨૨ | ૧૮૫૧ |
| ૧૬ | કપાસ | ૯૯૦ | ૧૪૬૫ |
| ૧૭ | એરંડા | ૧૦૬૬ | ૧૧૫૭ |
| ૧૮ | જીરૂ | ૯૦૦૦ | ૧૧૦૦૦ |
| ૧૯ | રાયડો | ૮૦૦ | ૯૩૦ |
| ૨૦ | રાય | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૧ | ગમ ગુવાર | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૨૨ | ધાણા | ૯૦૦ | ૧૩૭૦ |
| ૨૩ | મેથી | ૭૪૫ | ૧૨૫૪ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૯૫૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૪૩૯ |
| ૨ | ચણા | ૭૭૭ | ૭૭૭ |
| ૩ | તુવેર | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ૪ | શીંગ દાણા | ૧૮૫૧ | ૧૮૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૫૧ |
| ૨ | શીંગદાણા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૫૦ | ૩૦૯૧ |
| ૪ | તલ કાળા | ૨૬૨૫ | ૩૩૪૦ |
| ૫ | કપાસ | ૧૨૨૫ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૩ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૨૯ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૧૧૦૦ |
| ૧૦ | મગ | ૧૪૫૦ | ૧૬૮૦ |
| ૧૧ | ચણા દેશી | ૯૮૦ | ૧૧૨૨ |
| ૧૨ | ચણા | ૮૯૦ | ૯૬૩ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૧૭૦૭ |
| ૧૪ | મેથી | ૯૦૦ | ૧૨૪૧ |
| ૧૫ | ધાણા | ૯૮૦ | ૧૨૦૧ |
| ૧૬ | સોયાબીન | ૮૯૧ | ૯૮૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૨૬૫ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૨૫૧૫ | ૩૦૩૫ |
| ૪ | મગ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ૫ | ઘઉં | ૪૧૦ | ૪૭૦ |
| ૬ | ચણા | ૮૯૦ | ૯૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૩૦ |
| ૨ | ધાણા | ૯૪૫ | ૧૧૫૦ |
| ૩ | ચણા | ૬૪૬ | ૯૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૩૩૫ | ૪૭૨ |
| ૫ | સોયા | ૯૨૦ | ૯૩૧ |
| ૬ | મગફળી | ૧૩૦૦ | ૧૩૩૫ |
| ૭ | શીંગ દાણા | ૧૫૨૫ | ૧૯૪૫ |
| ૮ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૯૯૫ |
| ૯ | તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૧૦ | તુવેર | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૧૧ | લસણ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | મગ | ૧૪૮૦ | ૧૫૪૦ |
| ૧૩ | રાય | ૯૯૫ | ૧૦૦૦ |
| ૧૪ | ચણા છોલે | ૨૨૫૦ | ૨૨૫૦ |
| ૧૫ | મકાઈ | ૫૯૫ | ૫૯૫ |
| ૧૬ | ઈસબગુલ | ૨૫૦૫ | ૨૫૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૨૫ | ૧૪૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૭૬ | ૩૦૮૧ |
| ૩ | કપાસ | ૧૦૨૫ | ૧૪૩૦ |
| ૪ | બાજરો | ૪૧૫ | ૪૮૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૫૦ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૧૧૭૫ |
| ૭ | મકાઈ | ૪૩૬ | ૪૩૬ |
| ૮ | મગ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૯ | મેથી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | વટાણા | ૯૭૦ | ૯૭૦ |
| ૧૧ | તુવેર | ૧૭૭૦ | ૧૭૭૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૯૮૦ |
| ૧૩ | ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૯૨૫ |
| ૧૫ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૧૨૧ |
| ૧૬ | સોયાબીન | ૯૭૦ | ૯૭૦ |

# કતારગામ ખાતે શ્રીમતિ એસ.એચ. ગજેરા શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




આજરોજ ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે Investiture Ceremony નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાનાં વિદ્યાર્થીઓમાંથી હેડ બોય અને હેડ ગર્લ તથા વિવધ સમિતિઓની રચના કરી તેમનાં પ્રતિનીધીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહેમાન પદે જોઈન્ટ પોલીસ કમિશ્નર ડી.એચ.પરમાર, એ.સી.પી. વી.પી.ગામીત, પી.આઈ. શીતલબેન શાહ, ફાયર સ્ટેશન ડભોલીનાં ઓફિસર પ્રિતેશ પટેલ અને એકસ. આર્મી ઓફિસર મુકેશ પાટીલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન દ્વારા વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનું બેચ તેમજ શ્લેષ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓનાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સાથે–સાથે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. વર્ષ દરમિયાન વિવિધ કમિટીનાં સભ્યો સંપૂર્ણપણે ખૂબ જ સારી રીતે સંચાલન કરે તે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આજે ખાસ દિવસ શાળાનાં આચાર્ય અને ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા હતાં.

### અનેક સેવાકીય સંસ્થાઓ દ્વારા શ્રધ્ધાંજલિ પાઠવાઈ

# અમરેલીનાં વતની અને ભામાશા સી.કે. મહેતાનું નિધન થતાં શોક સભા યોજાઈ

## સદ્‌ગતનાં આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરાઈ




અમરેલી, તા. ૫

અમરેલી ખાતે ભામાશા સી.કે. મહેતાનું નિધન થતાં એક શોકસભા યોજાઈ હતી.

અમરેલીનાં વતની એવા ચીમનભાઈ(સી.કે. મહેતા)ની આજની શોક સભામાં અને સંસ્થાઓનાં પ્રતિનિધીઓ હાજર રહ્યાં હતા. શરૂઆતમાં અંધશાળાનાં ભાઈ-બહેનોએ તથા મંદબુદ્ધિનાં બાળકોએ પ્રાર્થનાથી શરૂઆત કરેલ.

સ્વર્ગસ્થ અમરેલી પ્રત્યેના પ્રેમની લાગણી તેમજ સામાજિક સંસ્થાઓની મદદનાં ગુણગાણ ગાયા હતા. ત્યારબાદ અંધશાળાનાં બાળકો દ્વારા નવકાર મંત્રનું શ્રવણ કરી બે મિનીટ મૌન પાળી આજની શોક સભા પૂર્ણ કરવામાં આવેલ. સમગ્ર આયોજન દરેક સંસ્થાવતી દિલીપભાઈ પરીખે કરેલ.

ત્યારબાદ ગૌશાળાનાં ૭૫૦ ગૌમાતા ગૌવંશને લીલો ચારો નાખવામાં આવેલ.

આ તકે ૧. પાંજરાપોળ ગૌશાળા, ૨. અમરેલી અંધજન પ્રગતિ મંડળ, ૩. પ્રજ્ઞાચક્ષુ મહિલા પ્રગતિ ટ્રસ્ટ, ૪. સ્મશાન કમિટી અમરેલી સંચાલિત માનસિક વિકાસ કેન્દ્ર, ૫. રતનબેન તથા કમળાબેન પરીખ સાર્વજનિક ધર્માદા દવાખાનું સહિત સંસ્થાનાં પ્રતિનિધીઓ ઉપરાંત ૧. રતિલાલ સાધુ, ૨. મૌલિક જે. ઉપાધ્યાય, ૩. મુકુંદભાઈ ગઢિયા, ૪. બાબુભાઈ જાવિયા, ૫. શૈલેષભાઈ સોલંકી, ૬. અશ્વિનભાઈ શેલડીયા, ૭. તુલસીભાઈ દુધરેજીયા, ૮. ચીમનભાઈ ટીલવા વિગેરે સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# માંગવાપાળ ખાતે ઠુંમર પરિવારને સાંત્વના પાઠવતા દિલીપ સંઘાણી




અમરેલી, તા. ૫

માંગવાપાળ મુકામે બાબુભાઈ ઠુંમરના પિતાનું અવસાન થતા રાષ્ટ્રીય સહકારી આગેવાન-પૂર્વ કેબીનેટ કૃષિમંત્રી દિલીપ સંઘાણીએ પરિવારને શાંત્વના સાથે શ્રધ્ધાસુમન અર્પિત કરેલ. સંઘાણીએ ઠુંમર પરિવાર સાથેના સ્મરણો વાગોળી સદ્‌ગતની સંવેદનશીલતા અને પરિવારભાવનાને યાદ કરી પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરી હતી. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, પ્રવિણભાઈ માંગરોળીયા સહિત સૌએ ઠુંમર પરિવારને મળીને શાંત્વના પાઠવી હતી.

### દિલીપ સંઘાણી, સાંસદ કાછડીયા સહિતનાં આગેવાનો દ્વારા

# અમરેલીનાં ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં નવનિયુકત પદાધિકારીને શુભેચ્છા પાઠવવામાં આવી

## પૂર્વ ધારાસભ્ય ભુવા, અમરડેરીનાં ચેરમેન સાવલિયા પણ ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૫

ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રીવેદી તથા મહામંત્રી રાજુભાઈ શિંગાળા તથા તાલુકા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખોએ આજે દિલીપભાઈ સંઘાણીની સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. સાથે સાંસદ નારણભાઈ કાછડીયા તથા પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા પણ ત્યાં હાજર રહેલ દિલીપભાઈ સંઘાણી પ્રમુખ, મહામંત્રી, તથા તાલુકાના પ્રમુખોને અભિનંદન પાઠવ્યા અને મોં મિઠાં કરાવ્યા હતા. સાથે જયારે પણ જે કામકાજ હોય તે જણાવશો એવો વિશ્વાસ આપ્યો હતો.

### ગાળો આપતા હોય સમજાવવા બાબતે

# રાજુલાનાં ચાંચ બંદર ગામે સામાન્ય બાબતે મારામારીની ઘટના બની

## પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના ચાંચબંદર ગામે ગાળો બોલવા જેવી બાબતે બે પરિવાર વચ્ચે મારામારીમાં સામસામે મહિલાઓ સહિત ૧૪ શખ્શો સામે પીપાવાવ મરીન પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

રાજુલાના ચાંચ બંદર ગામે રહેતા મંજુબેન ઘનશ્યામભાઈ શિયાળ (ઉ.વ. ૩૫) દ્વારા પીપાવાવ મરીન પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવી હતી કે, અમારા સંબંધીને મનસુખભાઈ બાબુભાઈ ગુજરીયા અને પાર્વતીબેન બાબુભાઈ ગુજારીયા ગાળો આપી રહ્યા હતા.

જેથી ગાળો બોલવા અંગે સમજાવતા આ વાતનું સારૂં નહિ લાગતા બાબુભાઈ મોહનભાઈ ગુજરીયા, જીતેશભાઈ બાબુભાઈ ગુજરીયા, હસમુખભાઈ બાબુભાઈ ગુજરીયા, સંતોષભાઈ બાબુભાઈ ગુજરીયા, સિધ્ધરાજભાઈ રામજીભાઈ ગુજરીયા સહિતના સાત શખ્શોએ મંજુબેન, તેમના પતિ ઘનશ્યામભાઈ અને કાજલબેનને ગાળો આપી અને મુંઢમાર માર મારી કુહાડી, લોંખડના પાઈપ વડે માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની ફરિયાદ પીપાવાવ મરીન પોલીસ મથક ખાતે સાતેય શખ્શો સામે નોંધાવેલ હતી.

જયારે સામા પક્ષે મનસુખ બાબુભાઈ ગુજરીયાએ ફરિયાદ નોંધાવતા જણાવેલ હતું કે, ગાળો બોલવા બાબતે દેગણ મોહનભાઈ ગુજરીયા, ભાણીબેન દેગણભાઈ ગુજરીયા, ઘનશ્યામ નારણભાઈ શીયાળ, મંજુબેન ઘનશ્યામભાઈ શીયાળ, જીવરાજ જીવનભાઈ શિયાળ, લક્ષ્મીબેન જીવરાજભાઈ શીયાળ અને કમલેશ દેગણભાઈ શીયાળ સહિત સાત સખ્શોએ લોખંડનાં પાઈપ, લાકડી વડે તેમજ મુંઢમાર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવેલ હતી.

# અમરેલી ખાતે સોશ્યલ એજયુકેટર રિયાઝભાઈ વેરસિયાનાં જન્મદિનની ઉજવણી



અમરેલી, તા. ૫

આજરોજ સ્પે. એજયુકેટર રિયાઝભાઈ વેરસસીયાનો બાવન(૫૨)મો જન્મદિવસ છે. અને તેઓ હંમેશા જન્મદિવસ વિશિષ્ટ રીતે જેમ કે, વૃક્ષારોપણ, બ્લડ ડોનેટ, દિવ્યાંગ બાળકો સાથે, સ્લમનાં બાળકો સાથે, વડીલો સાથે ઉજવે છે. ગત ૩૧ મે-વિશ્વ તમાકુ દિવસે રિયાઝભાઈ ખાસ જામનગર ગયેલાં અને ત્યાં કેન્સર રિસર્ચ સોસાયટીનાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલાં અને ત્યાં તેમને પોતાનાં આગલા જન્મ દિવસને વિશિષ્ટ રીતે ઉજવવાનો નવતર વિચાર આવ્યો. તેમની ઈચ્છા છે કે તેમનાં ૫૨(બાવન)માં જન્મદિવસે પોતાનાં ૫૨(બાવન) મિત્રોને વ્યસન મુકત કરવા, વ્યસન મુકિત માટે પ્રોત્સાહિત કરવાં. જેનાં માટે તેઓએ જામનગરની કેન્સર રિસર્ચ સોસાયટીનાં માર્ગદર્શન મુજબ આપણાં દેશી ઓસડીયાનો ઉપયોગ કરી એક પાવડર બનાવ્યો છે જે ફકત ૨ ચપટી માવાની તલપ લાગે ત્યારે જીભ પર મુકવાની છે. જેથી માવાની તલપ નહી લાગે. આ પડીકી તેઓએ પોતાનાં સ્વખર્ચે તૈયાર કરી છે. અને વ્યસન મુકવા માંગતા દરેક મિત્રોને ફ્રીમાં આપવાના છે.

આ ખરેખર ઉમદા કાર્ય છે અને દરેક વ્યસની મિત્રોએ આ પોતાનાં માટે તથા તેમનાં પરિવાર માટે, તેમને કેટલો પ્રેમ છે એ વ્યસન ત્યજી દઈ પ્રેમ દર્શાવવાનો પ્રસંગ છે. તેઓ જણાવે છે કે બે ચપટીની જ તો વાત છે આટલો પ્રયત્ન તો આપણે કરી જ શકીએ. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ સ્પે. એજયુકેટર હોય દિવ્યાંગ બાળકોનું સમાજ સાથે સમન્વય થાય અને પુર્નવસન થાય એ ઉમદા અને સામાજિકરણનાં ઉમદા હેતુથી દિવ્યાંગ બાળકો માટે 'સમન્વય' નામનું સેન્ટર ચિત્તલ રોડ પર ચલાવે છે. જયાં અત્યારે લગભગ ૧૫ જેટલા બાળકો તદ્દન ફ્રીમાં તાલીમ લ્યે છે. આ સાથે સાથે તેઓ શેર & કેર પરિવારનાં ફાઉન્ડર છે અને એક ચોક્કસ વિઝન- 'લોભ, મોહ, ભય કે જ્ઞાતિ-જાતી, રાજકારણ અને ધર્મનાં ભેદભાવથી પર રહી રાષ્ટ્રીય એકતા ઉજાગર કરી સમાજની વચ્ચે રહી છેવાડાનાં વ્યકિતઓ સુધી સેવાઓ પહોંચાડવી એટલે શેર ૬ કેર- સાથે ૪૦ થી ૫૦ મિત્રો સાથે તેઓ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરે છે.

જેમાં સ્લમ એરીયાનાં બાળકો માટે શૈક્ષણિક કાર્ય માટે 'હરતી ફરતી શાળા' દર શનિવાર તથા રવિવારે જે તે વિસ્તારમાં જઈને અભ્યાસ કરાવે છે. તેમજ આ જરૂરિયાતમંદ બાળકો માટે સેમીનારો, ઉત્સવો અને તેમના સામાજિક ઉત્થાન માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે.

એ સિવાય સમાજનાં મોભી એવાં સીનીયર સીટીઝન માટે સ્પેશ્યલ પ્રોગ્રામો કરી તેમને આનંદિત કરે છે. મધર્સ ડે નાં દિવસે દિકરાનાં ઘરે કાર્યક્રમો કરે છે. રાષ્ટ્રીય તહેવારોમાં દેશભકિત પ્રજવલીત કરાવાં ભારતમાતાનું પૂજન અને દેશભકિતનાં ગીતો ગાય છે. તેમજ વાંચનથી વિચારશીલ બનવા માટે અમરેલી શહેરમાં હરતી ફરતી લાયબ્રેરી વિવિધ વિસ્તારોમાં ચલાવે.

### તુલસીશ્યામ રેન્જ હેઠળ આવેલ

# કોઠારીયા રાઉન્ડની ચીખલકુબા-૨ બીટનાં ગેરકાયદેસર પ્રવેશ કરનારને દંડની સજા

## ૩ શખ્સોને ૬૦ હજારનો દંડ ફટકારાયો

ઉના, તા. ૫

તુલસીશ્યામ રેન્જ હેઠળ નાં કોઠારીયા રાઉન્ડની ચીખલકુબા-૨ બીટનાં લાગુ પ્રતિબંધિત અભ્યારણ્ય વિસ્તાર રાવળડેમ ખાચા વિસ્તારમાં ગેરધોરણે અપ પ્રવેશ કરી ગુન્હો કરનાર (૧) સંજયભાઈ નનુભાઈ બારૈયા (ઉ.વ. ૨૫), (૨) બાલાભાઈ કાનાભાઈ ડાભી ઉ.વ. ૪૫, (૩) દિનેશભાઈ ગુણાભાઈ મોરવાડીયા (ઉ.વ. ૨૬) રહે. ચીખલકુબા વાળાને તુલસીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડનાં સ્ટાફ દ્વારા પકડી પાડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૨૭ (૧) અન્વયે અપપ્રવેશનો ગુન્હો નોંધી એડવાન્સ રીકવરી પેટે ૬૦,૦૦૦/-(અંકે સાઠ હજાર રૂપિયા પૂરા)ની રકમની વસુલાત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી.

### ધારી પૂર્વ વન વિભાગની તુલસીશ્યામ રેન્જનાં

# રાજુલાબીટના પટવા આર.એફ. વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશ કરનારને રૂપિયા ૪ હજારનો દંડ

## વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ કાર્યવાહી

ઉના, તા. ૫

ધારી પૂર્વ વન વિભાગની તુલસીશ્યામ રેન્જના રાજુલા રાઉન્ડની રાજુલા બીટના પટવા આર.એફ. વિસ્તારમાં વન વિભાગની પૂર્વ મંજૂરી વગર બિનઅધિકૃત રીતે પ્રવેશ કરી અપપ્રવેશનો ગુન્હો કરનાર મુકેશભાઈ રામભાઈ ગુજરીયા, આશાબેન મુકેશભાઈ ગુજરીયા રહે. પટવાને તુલસીશ્યામ રેન્જના રાજુલા રાઉન્ડ ફોરેસ્ટર ડી.આર. રાજયગુરૂ તથા ફોરેસ્ટ ગાર્ડ કે.બી. વાઘ તેમજ શેત્રુંજી ડિવિઝનની વન્ય પ્રાણી રાજુલાના રેપિડ એકશન ફોરેસ્ટર આસકાની યાસમીનબેન તથા ટ્રેકર્સ સ્ટાફ દ્વારા ફેરણા દરમિયાન પકડી પાડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૨૬ મુજબ અપપ્રવેશ અંગેનો ગુન્હો નોંધી ૪૦૦૦ રૂપિયાનો એડવાન્સ રિકવરી પેટે દંડ ફટકારેલ હતો.

# લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ દ્વારા વસંત મોવલિયાનાં જન્મદિવસે વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન



અમરેલી, તા. ૫

લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ દ્વારા લાયન્સ ગૌરવ પી.એમ.જે.એફ. લાયન વસંત મોવલિયાના જન્મદિવસ નિમિત્તે ગરીબ બાળકોને બિસ્કિટ, વેફર્સ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તદુપરાંત સિનિયર સિટીઝન પાર્ક ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાભાર્થીઓને વિનામૂલ્યે ડાયાબિટીસ ચેકઅપ, બ્લડ પ્રેસર નિદાન અને અન્ય મેડિકલ સંબંધિત તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ટી.બી. અવેરનેસ કેમ્પ પણ કરવામાં આવ્યો હતો. કલબ પ્રમુખ લાયન દિવ્યેશ વેકરિયાએ જણાવ્યું હતું કે, આજનો દિવસ લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ માટે વિશેષ છે. સેવા પરમો ધર્મના સારથી વસંતભાઈના જન્મદિવસને સેવા દિવસ તરીકે ઉજવતાં કલબ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના સ્થાપક પ્રમુખ એવા વસંતભાઈનો સેવા ભાવ અમારા સૌ માટે પ્રેરણારૂપી રહ્યો છે. સૌએ સદસ્યો સાથે મળીને જન્મદિવસની ઉજવણી સેવાકીય પ્રવૃતિઓ સાથે કરી હતી. આ તકે કલબ પ્રમુખ લાયન દિવ્યેશ વેકરિયા, મંત્રી લાયન ધર્મેશ વિસાવળીયા, ખજાનચી લાયન વિજય વસાણી, લાયન રિતેશભાઈ સોની, લાયન સુરેશભાઈ દેસાઈ, લાયન જલ્પેશભાઈ મોવલિયા, લાયન દિનેશભાઈ કાબરિયા, લાયન મુકેશભાઈ કોરાટ, લાયન અરૂણભાઈ ડેર, લાયન રાજુભાઈ ગઢીયા, લાયન દેવશીભાઈ પાદરીયા, લાયન પ્રિતેશભાઈ બાબરીયા, લાયન કનુભાઈ દેસાઈ, લાયન ઉમેશભાઈ દૂધાત સહિતના સદસ્યો હાજર રહ્યા હતા.

# અમરેલીની સેવાકીય સંસ્થા રોટરી કલબ ઓફ અમરેલી ગીરને પ્લેટિનમ એવોર્ડ એનાયત




અમરેલી, તા. ૫

રાજકોટ મુકામે ડિસ્ટ્રીક ૩૦૬૦ ની ૧૦૯ કલબને વર્ષના અંતે એવોર્ડ સેરેમની રાખવામાં આવેલ હતી. આ સેરેમનીમાં રોટરીકલબ ઓફ અમરેલી ગીરને ડિસ્ટ્રીક ૩૦૬૦ માં એવોર્ડનો વરસાદ વર્ષાયો હતો.

૧૦૯ કલબમાંથી રોટરી ગીરને પ્લેટિનમ કેટેગરીમાં બેસ્ટ પ્રેસિડેન્ટ અંબરીશ રાજયગુરૂ, બેસ્ટ સેક્રેટરી રવિ પરીખ, બેસ્ટ કલબ રોટરી ગીર અને હાઈએસ્ટ કોમ્યુનિટી પ્રોજેકટ અને પબ્લિક ઈમેજને પણ એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ તમામ એવોર્ડ રોટરી પ્રેસિડેન્ટ અંબરીશ રાજયગુરૂએ સ્વીકાર કરેલ હતા. આ એવોર્ડ બદલ રોટરી કલબ ઓફ અમરેલી ગીર અમરેલીની જનતાનો પણ આભાર માને છે કે તેમના સાથ અને સહકારથી જ આ એવાર્ડ મળેલ છે. આવી જ રીતે અમરેલીના લોકો સાથ આપે તો હજુ અમરેલી અને જિલ્લાના લોકો માટે સેવાકીય કાર્યો કરવા આ કલબને તેમનું પ્રેરક બળ પૂરૂં પાડે. એવોર્ડ બદલ પ્રેસિડેન્ટ દ્વારા તમામ બોર્ડ ઓફ ડીરેકટર અને તેમની ટીમનો પણ આભાર માન્યો હતો.

આ અખબાર યાદી રોટે. હસુભાઈ રાજયગુરૂ દ્વારા પુરી પાડવામાં આવે છે.

### ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજના અંતર્ગત

# ડ્રોનથી છંટકાવ ઘટક હેઠળ અરજીઓ કરી શકાશે

અમરેલી તા. ૫

કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવા અંગે સહાય મળે છે. આ યોજના અન્વયે આઈ-ખેડૂત પોર્ટલ પર ડ્રોનથી છંટકાવ ઘટક હેઠળ અરજીઓ મંગાવવામાં આવે છે. તા.૫ જુલાઈથી આઈ ખેડૂત - પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) પર આ અંગેની અરજીઓ શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. ડ્રોનથી છંટકાવ ઘટક હેઠળ અરજીઓને લઈને આ વર્ષે નવો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ વર્ષે ૧૧૦ ટકાની મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે અરજીઓ ઓનલાઈન થાય તે મુજબ નક્કી કરવામાં આવ્યું છે. અરજીની નકલ અરજીકર્તાએ પોતાની પાસે રાખવી. કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજી અંતર્ગત પાક સંરક્ષણ રસાયણ અને નેનો યુરિયા, એફ.સી.ઓ. માન્ય પ્રવાહી ખાતરો, જૈવિક ખાતરના છંટકાવ માટે ખર્ચના ૯૦ ટકા અથવા વધુમાં વધુ રૂ.૫૦૦ બે માંથી જે ઓછુ હોય તે રકમ પ્રતિ એકર/પ્રતિ છંટકાવ મળવાપાત્ર થશે.

ખાતાદીઠ નાણાકીય વર્ષમાં વધુમાં વધુ કુલ પાંચ એકર અને વધુમાં વધુ પાંચ છંટકાવની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે. ડ્રોન દ્વારા પાક સંરક્ષણ રસાયણ/નેનો યુરીયા /એફ.સી.ઓ. માન્ય પ્રવાહી ખાતરો /જૈવિક ખાતરના છંટકાવ માટે ડ્રોન ભાડે આપતી રાજયની કોઈપણ સંસ્થા/કંપની/કસ્ટમ હાયરિંગ સેન્ટર /એગ્રો સર્વિસ પ્રોવાઈડર/વ્યકિત અથવા આઈ-ખેડૂત પોર્ટલ પર ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી પૈકીના કોઈપણ ડ્રોન સર્વિસ પ્રોવાઈડર દ્વારા પૂર્વ મંજૂરી મળ્યેથી છંટકાવ કરાવી અરજીની નકલ સાથે જરૂરી સાધનિક કાગળો દસ્તાવેજ સંબંધિત કચેરીને મોકલવાના રહેશે.

જેની નોંધ સૌ ખેડૂતોને લેવી ઉપરાંત વધુ જાણકારી માટે સંબંધિત તાલુકાના કે ગામના વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી ખાતે સમસ્ત કોળી સમાજનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનો ઈનામ સન્માન સમારંભ યોજાયો



અમરેલી, તા. ૫

અમરેલી ખાતે અમરેલી જિલ્લા કોળી સમાજ કર્મચારી મંડળ તેમજ કોળી શકિત યુવક મંડળ અમરેલી દ્વારા અમરેલી જિલ્લા કોળી સમાજનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનો અભ્યાસ પ્રત્યે જાગૃતિ લાવવા અને પ્રોત્સાહિત કરવા ધોરણ-૫ થી ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો.

આ વિદ્યાર્થી સન્માન સમારંભમાં ઠાકોર વિકાસ નિગમ ગાંધીનગર પૂર્વ ચેરમેન ભુપતભાઈ એમ. ડાભી(ગોંડલ)નાં અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયેલ.

આ સમારંભનું ઉદ્‌ઘાટન ભાવનાબેન અરવિંદભાઈ સાકરીયા, કૈલાસબેન આશિષભાઈ મકવાણા, આરતીબેન ગોહિલ, કમળાબેન જી. ગોહિલનાં હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં પ્રવિણભાઈ કે. ચૌહાણ, રવજીભાઈ મકવાણા ચિતલ, નારણભાઈ બી. મકવાણા, શારદાબેન એમ. સોલંકી, રસીકભાઈ એમ. રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઈનામ વિતરણ સમારંભનાં મુખ્ય દાતા જૂનાગઢ આલ્ફા હાઈસ્કૂલનાં સંચાલક જી.પી. કાઠી તથા અરવિંદભાઈ આર. સાકરીયા રહ્યાં હતા. આ સમારંભને સફળ બનાવવા મંડળનાં પ્રમુખ અરવિંદભાઈ આર. સાકરીયા, રમેશભાઈ એસ. ગોહિલ, સવજીભાઈ ડાભી, પરશોતમભાઈ એન. મકવાણા, ભીખુભાઈ પી. મકવાણા, રમેશભાઈ આર. ડાભી ચિતલ, જગદીશભાઈ એમ. ચાવડા, વિપુલભાઈ ડી. પરમાર જહેમત ઉઠાવી હતી.

## રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા અને કોંગ્રેસને કર્ણાટકમાં પ્રચંડ સફળતા મળતા માહોલ બદલાયો

# ''આપ''માં મોહભંગ થતાં અનેક આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે ''આપ''નાં આગેવાનોને આવકાર્યા**

**''આપ''નાં આગેવાનોનાં પ્રવેશથી કોંગ્રેસ પક્ષને વધુ મજબુતી મળશે**

**કોંગી પ્રમુખે ભાજપ સરકારની વિવિધ નિષ્ફળતા સામે આકરા પ્રહારો કર્યા**

**દેશમાં લોકશાહી ટકાવવી હોય તો કોંગ્રેસ પક્ષ સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી : ગોહિલ**



અમદાવાદ, તા. ૫

આમ આદમી પાર્ટીથી મોહભંગ થતાં રાજી ગાધી ભવન ખાતે સૌરાષ્ટ્ર–કચ્છ–રાજકોટ જિલ્લા સહિત પ્રદેશનાં આમ આદમી પાર્ટીનાં હોદેદારોએ કોંગ્રેસ પક્ષનો ખેસ ધારણ કરનારને કોંગ્રેસ પક્ષમાં આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજયમાં મોંઘવારી, બેરોજગારી સતત વધતી જાય છે. ગરીબ–સામાન્ય–મધ્યમવર્ગનાં પરિવારને જીવન જીવવું

અનુસંધાન પાના ૬ ઉપર

## કર્ણાટકમાં ૪૦ ટકા કમિશન હતુ, તેવું તો કંઇ અહિ પણ જોવા મળે છે

# લ્યો બોલો : વડિયાથી ખડખડ સુધીનો માર્ગ થોડા મહિનાઓ પહેલા બન્યોને સામાન્ય વરસાદમાં ધોવાયો

**માર્ગ–મકાન વિભાગના અધિકારીઓ તટસ્થ તપાસ કરે તેવી માંગ**



વડિયા, તા. ૫

સમગ્ર રાજયમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ચોમાસાના પ્રથમ વરસાદે જ તરબોળ કરી મૂકયા છે. ત્યારે અનેક જળાશયો છલકાયા છે તો કેટલાય રસ્તાઓ પણ ધોવાયા છે તો કયાય તંત્રના ભ્રષ્ટાચારની પોલ પણ વરસાદે ખોલી છે. ત્યારે વડીયાથી ખડખડ જવાનો રસ્તો થોડા સમય પહેલા બન્યો હતો. આ રસ્તો બનાવતા સમયે તેની બંને સાઇડમાં માટી મોરમથી પુરાણ કરી તે રસ્તાની કામગીરી કરવાની હોય છે. ચોમાસાના પહેલા જ વરસાદમાં આ રસ્તો ધોવાતા સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ રસ્તો બન્યા સમયે સાઈડોનું બુરાણના કરી તંત્ર દ્વારા ભ્રષ્ટાચાર કરાતા હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

## વરસાદની સાથે વીજળી આફત બની ત્રાટકી

# અમરેલીના સોનારીયામાં વીજળી પડતા દાદાનું મોત અને પૌત્રીનો આબાદ બચાવ

**નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**



અમરેલી, તા.૫

અમરેલી નજીક આવેલા સોનારીયા ગામે કરૂણ ઘટના સામે આવી હતી. દાદા અને દીકરી વાડીએ થી મજુરી કામ કરીને પરત ઘરે આવતી વખતે વિજળી પડતા દાદાનું મોત નિપજેલ હતું. જયારે દીકરીનો આબાદ બચાવ થતા અમરેલી સિવિલ હોસ્પિટલ સારવારમાં ખસેડવામાં આવી હતી.

અમરેલી નજીક આવેલા સોનારીયા ગામે રહેતા આધેડ બાલાભાઈ કરશનભાઈ વાઘેલા ઉપર વીજળી પડતા મોત થયુ હતું અને ૧૦ વર્ષની માહી મનુભાઈ વાઘેલાનો આબાદ બચાવ થયો હતો.

આ ઘટનામાં સોનારીયા

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીમાં આમ આદમી પાર્ટીએ કરી માંગ

# મધ્યપ્રદેશનમાં આદિવાસી યુવક પર પેશાબ કરનાર ભાજપનાં નેતાને દાખલારૂપ સજા આપો

**કલેકટર મારફત પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં પ્રમુખ નિકુંજ સાવલીયાની આગેવાનીમાં આગેવાનોએ કલેકટર મારફત પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવીને મધ્યપ્રદેશમાં આદિવાસી યુવક ઉપર

અનુસંધાન પાના ૬ ઉપર







Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

પૈસા બનવવા માટે, મગજની જરૂર છે.
જીવન જીવવા માટે, સંસ્કારની જરૂર છે.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868








*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)